R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 06 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JANUARY 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# વર્ષ ૨૦૨૪ માટે હાર્દિક શુભકામનાઓ



– હીરાચંદ દંડ, Mob.: 77385 08150

મારા વ્હાલા વાચક મિત્રો,

આપ સૌને વર્ષ ૨૦૨૪ માટે સુખ-શાંતિ-સમૃદ્ધિની શુભકામનાઓ.

મારી લાંબી ગેરહાજરી દરમિયાન તંત્રીલેખ સંભાળવા બદલ હું એડ. ઉદયન લાલજી શાહ (લોડાયા)નો આભાર માનું છું. શ્રી કેસરસિંહ આણંદજી ખોનાનો વતનના વર્તમાન વિભાગના સુંદર સંપાદન બદલ તથા શ્રી હેમાંગ લાલજી શાહ (લોડાયા)ને જાહેરાત વિભાગ અને એકાઉન્ટ્સને ખૂબ જ સારી રીતે હેન્ડલ કરવા બદલ પણ આભાર માનું છું. મારી ગેરહાજરીમાં પ્રકાશ સમીક્ષાની બધી જ વ્યવસ્થા ખૂબ જ સારી રીતે ચલાવવા માટે પ્રકાશ સમીક્ષાની ટીમના તમામ સભ્યોનો પણ હું આભાર વ્યક્ત કરવા માંગુ છું.

પ્રકાશે આ વર્ષે ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રકાશ અને સમીક્ષાના સ્થાપકોની મહેનતની સફળતાની ઉજવણી કરવાનો આ સમય છે. ડો.વેલજી પાસ્વીર ગોશર, એડ. સનત શાહ, ગોવિંદજી જીવરાજ લોડાયા, એડ. શૈલેષ સનત શાહ અને એડ. રાયચંદ રતિલાલ નાગડા (RR) સહિતના સંપાદકોએ પોતાની શક્તિ, સમય અને જ્ઞાનથી પ્રકાશ સમીક્ષાને મજબૂત બનાવવા માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આજે પ્રકાશ સમીક્ષા ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે તે સમગ્ર જ્ઞાતિ માટે ગર્વની વાત છે. બહુ ઓછા સામયિકોએ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. સમગ્ર જ્ઞાતિના સમર્થન અને પ્રેમથી પ્રકાશ સમીક્ષા વધુને વધુ મજબૂત બની રહ્યું છે. આપના અવિરત સહયોગ બદલ સર્વે જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર.

હું તમામ વાચકોને વિનંતી કરું છું કે તેઓ પ્રકાશ સમીક્ષા સાથેની તેમની યાદો વિશે લખે જેથી કરીને ૧૦૦ વર્ષની ઉજવણીમાં તેનો સમાવેશ કરી શકાય.

આ અંકમાં એક સર્વે ફોર્મ જોડેલ છે. પ્રિય વાચકો, ફક્ત ફોર્મને ભરો અને ૯૮૨૧૫૩૫૧૧૧ પર વોટ્સ અપ કરો. જેના માટે ૫ મિનિટથી ઓછો સમય લાગશે. તમારા મંતવ્યો અમને તમારી પસંદગી મુજબ લેખોને સુધારવામાં અને અમારા રેકોર્ડને અપડેટ કરવામાં મદદ કરશે.

હું નવા લેખકોને તેમના લેખો, વાર્તાઓ, કવિતાઓ પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત કરવા મોકલવા માટે આમંત્રિત કરું છું. જ્ઞાતિલક્ષી વિવિધ વિષયો ઉપરના આપના વિચારો આવકાર્ય છે. આપના યોગ્ય વિચારોને પ્રકાશ સમીક્ષામાં જરૂરથી સ્થાન મળશે.

ફરી એકવાર હું તમને નવા કેલેન્ડર વર્ષ ૨૦૨૪ માટે અનેકાનેક શુભેચ્છાઓ પાઠવું છું.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેકશન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

## આદ્યતંત્રીઓ

"**પ્રકાશ**"
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૬, તા. ૨૦-૦૧-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# પ્રકાશ સમીક્ષાના વાચકોને પ્રતિભાવ-મંતવ્ય મોકલવા નિવેદન

ક.દ.ઓ. જ્ઞાતિના સર્વપ્રિય પખવાડિક પ્રકાશ સમીક્ષાના વાચકોને વિનમ્ર નિવેદન છે કે પ્રકાશ સમીક્ષા અંગે નીચે આપેલા પ્રશ્નોની સામે આપનો અભિપ્રાય-મંતવ્ય હા/ના માં ટીક કરીને મોબાઈલ કેમેરાથી ક્લીક કરી વોટ્સએપ નં 98215 35111 ઉપર તરત જ મોકલી આપો.

હા, આપનું નામ-કચ્છનું ગામ-હાલનું સરનામું-મોબાઈલ નં. તથા ઈમેઈલ આઈડી જરૂરથી લખવા વિનંતી.

આપનો અભિપ્રાય-મંતવ્ય પ્રકાશ સમીક્ષાને વધુ ઉપયોગી બનાવવાના અમારા પ્રયાસોને બળ પુરૂં પાડશે. આપના સહયોગની આશા સાથે....

- તંત્રી મંડળ - પ્રકાશ સમીક્ષા

---

નામ : ______________________ ગામ : ______________

સરનામું : ______________________________________

______________________________________

મો. નંબર______________ ઈ-મેઈલ______________________

| | | |
|---|---|---|
| ૧) | તમે પ્ર.સ. ખરેખર વાંચો છો? | હા / ના |
| ૨) | પ્ર.સ. નિષ્પક્ષતાનું પક્ષકાર છે? | હા / ના |
| ૩) | પ્ર.સ.માં પ્રકાશિત વિવિધ વિભાગો તમને ગમે છે? | હા / ના |
| ૪) | પ્ર.સ. માં ગુજરાતીમાં પ્રકાશિત લેખો તથા માહિતી ઉપયોગી છે? | હા / ના |
| ૫) | પ્ર.સ.નો અંગ્રેજી વિભાગ ઉપયોગી છે? | હા / ના |
| ૬) | પ્ર.સ. આપના પરિવારના યુવાનો વાંચે છે? | હા / ના |
| ૭) | પ્ર.સ. આપને સમયસર મળે છે? | હા / ના |
| ૮) | પ્ર.સ. માં પ્રકાશિત સમાચારો માહિતીપ્રદ છે? | હા / ના |
| ૯) | પ્ર.સ. માં પ્રકાશિત જન્મ-મરણ-સગપણ-લગ્ન નોંધ ઉપયોગી છે? | હા / ના |
| ૧૦) | પ્ર.સ. માં એડ્રેસ ચેન્જનો વિભાગ ચાલુ રાખવો જોઈએ? | હા / ના |

ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરોમાં હા / ના લખ્યા પછી પણ તમારે કોઈ મંતવ્ય-અભિપ્રાય-સૂચન આપવું હોય તો આપી શકો છો.

તા.: સહી :

# ગુજરાતી રંગભૂમી તથા ફિલ્મોના અવિસ્મરણીય કલાકાર

# ચાંપશીભાઈ નાગડા

## જ. ૨૨ નવેમ્બર, ૧૯૨૦ / અ. ૨૧ જાન્યુઆરી, ૨૦૦૨



પચાસથી વધુ નાટકો અને અનેક હિંદી-ગુજરાતી ચલચિત્રોમાં અદાકાર અને નિર્માતા રહી ચૂકેલા ચાંપશીભાઈનો જન્મ કચ્છના રાપર ગઢવારી ગામમાં વાલબાઈમા અને ભારમલ ભોજરાજને ત્યાં થયો. માત્ર ૧૯ વર્ષની વયે મુંબઈમાં નાટકો સાથે સંકળાયેલા ચાંપશીભાઈએ કલાજગતમાં પ્રવેશવા સંઘર્ષ કર્યો હતો.

ચાંપશીભાઈએ કારકિર્દીનો આરંભ નાટકોથી કર્યો. તેમનું પહેલું નાટક 'વસમાં બંધન' (૧૯૩૮) એકાંકી હતું. તેમણે 'અભિનય' નામે નાટ્યસંસ્થા પણ ચલાવી. મિત્રો સાથે ઊભી કરેલી સંસ્થા 'લલિતા કલામંદિર'ના નેજા હેઠળ થોડાંક નાટકોમાં કામ કર્યા બાદ ચાંપશીભાઈ 'ઈન્ડિયન પીપલ્સ થિયેટર' (ઈપ્ટા)ના ગુજરાતી નાટ્ય વિભાગ સાથે જોડાયા. ત્યાં રહીને ભજવેલું નાટક 'અલ્લાબેલી' ખૂબ વખણાયું.

ત્યારપછી ચલચિત્રોમાં કામ કરવામાં પણ તેમને રસ જાગ્યો. ગુજરાતી ચલચિત્ર 'ભક્ત સુરદાસ'ના નિર્માણ દરમિયાન તે મનહર રસકપૂરના સંપર્કમાં આવ્યા અને ત્યારથી બંનેની જોડી જામી. બંનેએ સાથે મળીને અનેક સુંદર ગુજરાતી ચલચિત્રોનું સર્જન કર્યું. ૧૯૪૬થી ૧૯૫૦ દરમિયાન ૬૯ ગુજરાતી ચલચિત્રોનું નિર્માણ થયું, જ્યારે ૧૯૫૧થી ૧૯૬૦ દરમિયાન ૧૭ ચલચિત્રોનું નિર્માણ થયું. ગુજરાતી ચલચિત્રોના મંદીના સમયે ૧૯૬૦ના વર્ષમાં માત્ર બે જ ચલચિત્રો બન્યાં અને તે બંને ચાંપશીભાઈએ બનાવ્યાં. ગુજરાતી ચલચિત્રોના ઈતિહાસમાં યાદગાર બની રહેલાં આ બે ચલચિત્રો હતાં 'કાદુ મકરાણી' અને 'મેંદી રંગ લાગ્યો'.

સાહિત્યિક કૃતિઓ પરથી ચલચિત્ર બનાવવાનું કોઈ જોખમ લેતું નહોતું ત્યારે ચાંપશીભાઈએ પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ' પરથી આ જ નામનું ચલચિત્ર કર્યું અને તે સફળ પણ થયું. ચાંપશીભાઈએ અભિનય કરેલાં કે નિર્માણ કરેલાં નાટકોમાં વિશ્વ-સાહિત્યનો જબરદસ્ત ઉપયોગ કર્યો હતો. તેમણે પ્રવીણ જોશી, કાંતિ મડિયા, અદી મર્ઝબાન, વિજય દત્ત, હની છાયાના દિગ્દર્શનમાં અનેક નાટકો કર્યા. તેઓ સારા નર્તક પણ હતા. અભિનેત્રી આશા પારેખ, હેમા માલિનીની કેટલીક નૃત્યનાટિકાઓમાં તેમણે કામ કર્યું હતું.

તેમના ગુજરાતી ચિત્ર 'હીરો સલાટ'ને ગુજરાત રાજ્યનું પારિતોષિક મળેલું છે. 'સુમંગલા' નાટકમાં સુજ્ઞરાયની ભૂમિકા માટે ઉત્તમ અભિનય માટેનું પ્રાણલાલ દેવકરણ નાનજી પારિતોષિક પણ તેમને અર્પણ થયું હતું. તેમનું અવસાન ઈ. સ. ૨૦૦૨માં થયું હતું.

**– અમલા પરીખ**

**(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાંથી સાભાર)**


ૐ હ્રીઁ શ્રીં પાર્શ્વનાથાય નમઃ

# મીડ ટાઉન પ્રદર્શન

## અજબ ગજબનું માણવા

## ૧૦ ફેબ્રુ. ૨૪ માટુંગા પધારો!!!

નાના ગૃહઉદ્યોગને પ્રોત્સાહન આપવા, યુનિક ચીજો જોવાની તથા ખરીદવાની તક ગુમાવશો નહીં.

**સમય** : **સવારના ૮.૩૦ થી રાત્રે ૯.૦૦**

**સ્થળ** : **શ્રી નારાણજી શામજીની વાડી, માટુંગા,**

**સ્ટોલ** : **૬' x ૬' ફૂટ L લાઈનમાં.**
**બે ટેબલ + ૨ ખુરશી કવર સાથે**

**ભાડુ** : **રૂા. ૨૫૦૦/- ફક્ત**

**સંપર્ક** : **અશોકભાઈ ઝવેરી-9821144324**
**ખમાબેન નાગડા - 9324013680**

લી. વસંતભાઈ વિકમશી, નેહલબેન ખોના તથા ડૉ. મીરાબેન ધરમશીના 'મીડ ટાઉન સંઘ' વતી જય જીનેન્દ્ર વાંચશોજી.



# કચ્છ દર્શન





(ભાગ : ૧૩)



લેખક : સોમ ધરમશીં

મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭


## ગતાંકમાં સુધારો

**કચ્છ દર્શન ભાગ-૧૦માં, શરૂઆતમાં જ સુધારીને વાંચવું-** ''કચ્છ રાજયને ભારતીય સંઘમાં ૧૯૫૦માં જોડવામાં આવેલ.'' (ભાઈશ્રી વિક્રમ નરેન્દ્ર ધરમશી (સાંધાણ-યવતમાલ) ઉપરોક્ત સુધારો જણાવેલ છે જે ઈતિહાસ સાથે સુસંગત છે. તેઓ વધુમાં જણાવે છે કે ૧૯૫૦માં કચ્છ મુંબઈ રાજ્યનું અંગ હતું અને ૧૯૬૦માં મુંબઈ રાજ્યનાં ભાગલા પડતા તે ગુજરાત રાજ્યમાં સમાવાયું અને કચ્છને ગુજરાત રાજ્યનો જિલ્લો બનાવાયો. ભુજ જિલ્લાનું મુખ્ય મથક બન્યું. કચ્છની ખરેખર ઉન્નતિ ૨૦૦૧ના જાન્યુઆરી પછી થઈ, જ્યારે શ્રી કેશુભાઈ પટેલની જગ્યાએ શ્રી નરેન્દ્ર મોદીની નિમણુંક થઈ. માહિતિ બદલ હું શ્રી વિક્રમભાઈનો આભારી છું).

હવે અમારી બસ ભુજપર ગામમાં પ્રવેશી, જાગી રહેલા યાત્રિકોમાંથી શ્રી તિલકભાઈ એ તરત કહ્યું ''અહિંના લસણવાળા ગાંઠિયા પ્રખ્યાત છે. મારે અડધો કિલોના બે પેકેટ બંધાવવા છે. ધનપતિ ભાઈનું ફરમાન આવ્યું કે અહિં વિજય પિકલ્સની દુકાન પ્રખ્યાત છે મારે બિજોરા, ડોરા, કેર સાંગરીના અથાણા લેવા છે.

મારે જાહેરાત કરવી પડી કે બસ સ્ટેન્ડ પાસે ઉભી રહેશે ૪૦ મિનીટ માટે. આ દરમ્યાન યતિશ્રી મોતીસાગરજી કૃત અધિષ્ઠાયી અંબે માતા, ચક્રેશ્વરી માતા, મહાકાલી માતાનું મંદિર, મુળનાયક મહાવીર સ્વામીનું મંદિર તેમજ વિજય પિકલ્સમાંથી ખરીદી કરી પાછું આવવાનું રહેશે. જેઓ મોડા પડે અને બસ ઉપડી જાય તો પોતાના ખર્ચે બિદડામાં કે.એમ. પટેલ આરોગ્યધામ જે રોડ ઉપર જ છે અને શ્રી સર્વોદય હોસ્પીટલનાં નામે પ્રખ્યાત છે ત્યાં આવવાનું રહેશે. યાત્રિકોને સુગમતા પડે એટલા માટે માતાજીના મંદિર બતાવવા મેં આગેવાની લીધી.

ભુજપુરમાં યતિશ્રી મોતીસાગર મ.સા., શિષ્યશ્રી ક્ષમાનંદજી મ.સા.એ અચલગચ્છ અધિષ્ઠાયીકા શ્રી મહાકાળી મા અને શ્રી ચક્રેશ્વરી માતાનું સુંદર મંદિર બનાવી ભક્તજનનોનાં દર્શનાર્થે ખુલ્લું મુક્યું છે.

વર્ષો પહેલાથી જુદા જુદા ગચ્છમાં યતિ પ્રથા હતી. તેઓ અડધું સાધુ જીવન વિતાવતા પણ કર્મકાંડ, નાણું રાખતા, રાજા પાસેથી સવલતો સ્વીકારતા.

સમય સુધારક અને પ્રચંડ વિદ્વાન જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ ''સંબોધ પ્રકરણ'' નામના પોતાના ગ્રંથમાં યતિઓ વિશે લખે છે કે, ચૈત્ય અને મઠમાં તેઓ વાસ કરે, પુજા માટે આરતી કરે, જિનમંદિર પોષધશાળા, વ્યાખ્યાન મંદિર ચણાવે, મુર્હૂત કાઢી આપે, કેશલોચ ન કરે, વૈદું મંત્રાદિ કરે ઈત્યાદી.

માંડવી-કચ્છમાં, પુનામાં, ઈત્યાદિ સ્થળોએ યતિઓએ દેરાસરજી બંધાવ્યા છે તેના પુરાવા મળે છે. (પુસ્તક અંચલગચ્છ દીર્ઘદર્શન, - લેખક સ્વ. શ્રી પાસવીર વીરજી ધુલા- ભરૂડીયા, ''પાર્શ્વ'' માંથી) તેમનો ઋણ સ્વીકાર કરુ છું.

હવે બધા ગચ્છોમાંથી યતિ પ્રથા નાબુદ થતી જાય છે. છતાં કેટલાક ભક્તો એમને વંદન કરી આશીર્વાદ મેળવે છે.

અમારા સદ્‌નશીબે યતિશ્રી મોતીસાગર મ.સા. અમને તેમના નિવાસ સ્થાને જ મળી ગયા. અને અમે મંદિરનાં દર્શન કરી તૃપ્ત થઈ ગયા. પૂ.શ્રીએ ખાનગીમાં મને રક્ષાકવચ તરીકે પદ્માવતીનો દોરો આપ્યો. જૈન મંદિરમાં દર્શન કરી અમે આગળ વધ્યા. શ્રી નિતિન સાયલા બન્ને ઠેકાણે યોગ્ય દાન લખાવી રસીદ લેવા રોકાયા.

આ વિવાદમાં ના પડતાં આપણે ભુજપુરનાં મહાકાળી મંદિરના દર્શન કરી આગળ વધીએ અને બસ સ્ટેશન પાસે આવેલ ''વિજય પિકલ્સ''ની મુલાકાત લઈએ.

અમે વિજય પિકલ્સની દુકાનમાં પહોંચીએ ત્યાં સુધીમાં અમારા અન્ય યાત્રિકો ખરીદી કરવા તલપાપડ હતા. શ્રીમતી દમયંતીબેન કરમશી છેડા એ ત્રણ દાયકાથી વધુની મહેનત કરી શરૂઆતમાં મળેલ નિષ્ફળતાઓને આંબી જઈ આ ઉદ્યોગને ભુજપુરમાં વિકસાવ્યો છે.

હાલમાં દમયંતીબેનની દેખરેખ હેઠળ તેમનાં સુપુત્ર વિજયભાઈ તેમનાં પત્ની ઉર્મિબેન અને લગભગ ૧૨ થી ૧૬ બહેનો આ ગૃહઉદ્યોગમાં કામ કરે છે. મુંબઈથી દૂર કચ્છમાં વસવાટ કરી શ્રીમતી દમયંતીબેન પાસેથી પ્રેરણા લઈ આવા ઉદ્યોગ નાના પાયા પર ચાલુ કરી, પ્રદુષણ મુક્ત વાતાવરણમાં આરામથી જિંદગી વીતાવી શકાય છે.... (વધુ આવતા અંકે)


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ

**વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૯ (તા. ૧-૪-૨૦૨૪ થી ૩૧-૦૩-૨૦૨૯) સુધીના ૫ વર્ષના કાર્યકાળ માટે મહાજનશ્રી અને શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ ની ચુંટણી અને જાહેરનામું**

## ❖ ચુંટણી કાર્યક્રમ ❖

૧) શ્રી મહાજનના બંધારણ અનુસાર વ્યવસ્થાપક સમિતિ અને ટ્રસ્ટ બોર્ડની કાર્યકાળ મુદત **તા. ૦૧-૦૪-૨૦૨૪ થી તા. ૩૧-૦૩-૨૦૨૯** સુધીની રહેશે.

૨) વ્યવસ્થાપક સમિતિનું સંખ્યાબળ ૧૨ નું રહેશે.
પ્રમુખ - ૧ (A અને B બંને માંથી) ● ઉપપ્રમુખ - ૧ (A અને B બંને માંથી) ● ખજાનચી - ૧ (A વિભાગ)
વ્યવસ્થાપક સમિતિ - ૬ (A વિભાગ) ● વ્યવસ્થાપક સમિતિ - ૩ (B વિભાગ)

૩) ટ્રસ્ટ બોર્ડનું સંખ્યાબળ ૯ સભ્યોનું રહેશે. (A વિભાગ - ૫ તથા B વિભાગ - ૩ + ૧ કાયમી)

૪) **A વિભાગ :** મુંબઈ મેટ્રોપોલીટન રીજન જેમાં બૃહદ મુંબઈ અને તેના પરાં, થાણા જીલ્લો, પાલઘર જિલ્લા, રાયગડ જિલ્લો તથા નવી મુંબઈ નો સમાવેશ છે.
**B વિભાગ :** ઉપરોક્ત A - વિભાગમાં જેમનો સમાવેશ નથી થતો એ સર્વે સભ્યો (B) વિભાગમાં આવશે. જે વિભાગમાં રહેઠાણ હોય તે વિભાગમાં જ ઉમેદવારી ફક્ત એક પદ માટે કરી શકાશે. (પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી, વ્યવસ્થાપક સભ્ય)
નોંધ : ૧) જે વિભાગનો પ્રમુખ ચુંટાશે તેના વિપરીત વિભાગનો ઉપપ્રમુખ ચુંટાશે.
૨) ખજાનચી માટે ફક્ત A વિભાગ માંજ ઉમેદવારી કરી શકાશે.

૫) ઉમેદવારી પત્રકોનું વિતરણ તા. ૧૯-૦૨-૨૦૨૪ થી તા. ૨૪-૦૨-૨૦૨૪ સાંજના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન થશે.

૬) ઉમેદવારી પત્રકનું મૂલ્ય રૂા. ૨૫/- રહેશે. નીચે મુજબના એડ્રેસ તેમજ જખૌ ખાતે રજીસ્ટર ઓફીસમાં મળી શકશે.

૭) ભરાયેલા ઉમેદવારી પત્રક સ્વીકારવાની તા. ૧૯-૦૨-૨૦૨૪ થી તા. ૨૪-૦૨-૨૦૨૪ (સમય સાંજના ૩.૦૦ થી ૫.૦૦) તા. ૨૪-૦૨-૨૦૨૪ ના સાંજના ૫.૦૦ વાગ્યા પછી ઉમેદવારી પત્રક સ્વિકારવામાં આવશે નહીં.

૮) ઉમેદવારી પત્રકોની ચકાસણી તા. ૨૪-૦૨-૨૦૨૪ થી તા. ૦૩-૦૩-૨૦૨૪ ના થશે.

૯) ઉમેદવારોની પ્રથમ યાદી તા. ૦૩-૦૩-૨૦૨૪ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે મહાજનના નોટીસ બોર્ડ ઉપર તથા યોગ્ય માધ્યમ દ્વારા જાણકારી ઈલેક્ટ્રોનીક મિડીયા (Electronic Media) પરથી કરવામાં આવશે.

૧૦) ઉમેદવારી પત્રક પાછું ખેંચી લેવાની તા. ૦૬-૦૩-૨૦૨૪ સાંજના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન લેખીત અરજીથી રૂબરૂમાં આપી જવું.

૧૧) માન્ય રહેલા ઉમેદવારોની આખરી યાદી તા. ૦૭-૦૩-૨૦૨૪ સવારના ૧૧.૦૦ વાગે મહાજનના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે.

૧૨) જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારો હશે તો ચુંટણી મતદાન રવિવાર તા. ૧૭-૦૩-૨૦૨૪ સવારના ૯.૦૦ કલાકે થી સાંજના ૫.૦૦ કલાક સુધી રહેશે.

૧૩) ચુંટણી પરિણામ સ્થાનિકેથી મતપત્રકો આવેથી તા. ૨૦-૦૩-૨૦૨૪ ના રોજ સવારના ૧૧.૦૦ વાગે મહાજનના નોટીસ બોર્ડ ઉપર

૧૪) ચુંટણી મતદાન કેંદ્ર - મતદાન સ્થળ : શીશુકુંજ, વિજયનગર સોસાયટી હોલ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ તથા જખૌ દેરાસર પરીસરમાં બન્ને જગ્યાએ ચુંટણી થશે.

૧૫) ઉમેદવારી પત્રક વિતરણ, ભરેલા ઉમેદવારી પત્રકો સ્વીકારવાનું તથા ઉમેદવારી પત્રક પાછું ખેંચવા માટેની અરજી નીચેના સરનામે કરી શકાશે.
**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧. ફોન : **93770 88890**
**મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ દેવશી જીવાણી,** એમ.કે. કન્સલ્ટન્સી સર્વિસીસ, શ્રીજી વિલા, લોહાર આલી, ઓપ. સન એન્ટર પ્રાઈઝ, કર્ણાવટ ક્લાસીસની બાજુમાં, સ્ટેશન રોડ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧. ફોન : **87798 75109**

**નોંધ :** ૧) ઉમેદવારી પત્રક પાછું ખેંચવા ઉમેદવારે લેખીત અરજી રૂબરૂમાં નીયત સમયમાં આપવી.
૨) ચુંટણી પ્રક્રિયા અંગેની વિગતવાર માહિતી, પુછ - પરછ માટે મુખ્ય ચુંટણી અધિકારી શ્રી ભરતભાઈ શામજી છેડા નો સંપર્ક કરવો.
૩) મહાજનશ્રીના બંધારણ પ્રમાણે અગર ઉમેદવારી પત્રક ભરાયેલા ન હોય તો તેવા ઉમેદવારી પત્રકો રદબાતલ થશે.
૪) છેલ્લા ડીજીટલ વસ્તીપત્રકમાં તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધી જેમનું નામ જખૌમાં હશે તેમને જ ઉમેદવારી પત્રક ભરવાનો અધિકાર રહેશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ વતી**

મુખ્ય ચુંટણી અધિકારી : **શ્રી ભરત શામજી છેડા** (મો.: **93202 18405**)

॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧.

### વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ સભ્યો જોગ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૧-૦૨-૨૦૨૪ ના રોજ બપોરના ૩.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦** ખાતે મળશે. જેમાં નીચે મુજબના એજન્ડા રહેશે.

### -: એજન્ડા : કાર્યસુચી :-

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૧૧-૨૦૨૨ ની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨) મહાજનના વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત અને બહાલી.

૩) વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ની મહાજનશ્રી તથા ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો અહેવાલ અને નોંધ લેવી.

૪) શ્રી રત્નટુંક જૈન દેરાસરના વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને તેની નોંધ લેવા.

૫) મહાજનશ્રીના બંધારણની કલમ ૧૫ ની પેટા કલમ (૩) અનુસાર પાંચ વર્ષ (તા. ૦૧-૦૪-૨૦૨૪ થી ૩૧-૦૩-૨૦૨૯) (૧) મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિની (૨) શ્રી રત્નટુંક જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડ્સના ટ્રસ્ટીઓની ટ્રસ્ટ ડીડ અનુસાર ચુંટણી યોજવા બાબત.

૬) મહાજનશ્રીના વાર્ષિક હિસાબોના અન્વેષણ કાર્ય માટે વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના કાર્યકાળ માટે ઓડીટરની નિમણુંક તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.

૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબતો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ વતી**

લી. માનદ્ મંત્રીઓ : **જયંતીલાલ દેવશી મૈશેરી - તરૂણ હંસરાજ નાગડા**

**નોંધ :** ૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે. જેમાં ૧૫ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

૨) વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના અન્વેષિત હિસાબો તથા ઓડીટ રિપોર્ટ સભ્યોને જાણ ખાતર બુધવાર તા. ૨૪-૦૧-૨૦૨૪ થી બુધવાર તા. ૩૧-૦૧-૨૦૨૪ ના રોજ સાંજના ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન નીચેના સ્થળે ખુલ્લા રાખવામાં આવશે.

૩) હિસાબો સંબંધી કોઈપણ પ્રશ્નો હોય તો તે તા. ૩૧-૦૧-૨૦૨૪ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી લેખીતમાં જખૌ દેરાસરમાં મહેતાજી ને આપવું. તેમજ બેલેન્સશીટ મુંબઈ ઓફીસથી મળી શકશે. તા. ૨૪-૧-૨૦૨૪ થી તા. ૩૧-૦૧-૨૦૨૪ સુધી ૩.૦૦ થી ૫.૦૦ કલાકે દરમિયાન મળી શકશે.

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧. **ફોન : 93770 88890**

**મુંબઈ કાર્યાલય : શ્રી રાયચંદ દેવશી જીવાણી,** એમ.કે. કન્સલ્ટન્સી સર્વિસીસ, શ્રીજી વિલા, લોહાર આલી, ઓપ. સન એન્ટરપ્રાઈઝ, કર્ણાવટ કલાસીસની બાજુમાં, સ્ટેશન રોડ, થાણે (વેસ્ટ)-૪૦૦ ૬૦૧. **ફોન : 87798 75109**

## मेरा मोबाइल

मैं और मेरा मोबाइल अक्सर ये बातें करते हैं
अगर मोबाइल न होता, तो मैं क्या करती
पड़ी रहती किसी कोने में, इंतजार करती
कि कोई आएगा , मुझसे बतियाएगा,
मेरी खैरियत पूछेगा, मेरे पास बैठेगा।
बेटा आएगा, कहेगा, मां कैसी हो,
क्या कर रही हो, दिन भर क्या किया
पोता पोती आयेंगे, मुझसे खूब बातें करेंगे
कुछ अपनी कहेंगे, कुछ मेरी सुनेंगे
अड़ोसी पड़ोसी आयेंगे, कभी कोई सलाह ही ले लेंगे
लेकिन ऐसा कुछ नही होता.
मैं और मेरा मोबाइल अक्सर ये बातें करते हैं
मोबाइल है तो मेरी जीने की वजह है
सुबह, दोपहर, शाम और रात मोबाइल के सहारे कटते हैं
सुबह होते ही मुझे भजन कीर्तन सुनाते हुए
मेरे दिन की शुरुआत कर देता है ये मोबाइल
फिर मेरे पूजापाठ के बाद, संत का प्रवचन सुना देता है,
उसके बाद भले कुछ व्यंजन बनाती नहीं
बनाया भी तो खाते भी नहीं लेकिन मेरी सखी मोबाइल
मुझे कई व्यंजन बनाना सिखा देती है।
उसके बाद एक मैटिनी शो की तरह सिनेमा देख लेती हूं
बीच बीच में कोई रिश्तेदार या सहेलियों से बतिया भी लेती हूं
यह मोबाइल एक वरदान है
जो चाहो सो पाओ, चाहे पूरी दुनिया घूम आओ
मोबाइल है तो टाइम पास है
मोबाइल न हो तो लाइफ लॉस्ट है।

**– मालती हरीश धरमसी, नवी मुंबई**

**मो. ९८६९२ ८९३४५**

### નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.


**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ-(થાણા) Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## આરોગ્ય પ્રકાશ

# માલિશ અને રસોઈમાં ઉપયોગી રાઈનું તેલ

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



માલિશનો આયુર્વેદમાં બહુ મહિમા છે. હજારો વર્ષ પહેલા આફ્રિકાની વનવાસી પ્રજા શરીરની માલિશ કરાવતી હોવાના પુરાવા મળ્યા છે. હાલ પણ થાકેલા હોય ત્યારે ચંપી-માલિશ કરાવી રાહત મેળવે છે. મ્યુનિક યુનિવર્સિટીના પ્લાસ્ટીક સર્જન ડૉ. કેબટે માલિશ પર સંશોધન કરીને જણાવ્યું છે કે માલિશ એ સ્વાસ્થ્ય અને સુંદરતા માટે અત્યંત લાભદાયક છે. આજકાલની ટેન્શન તનાવભરી દોડધામથી ત્વચા પર જલ્દી કરચલી પડી જાય છે, શરીરની સુંદરતા ગાયબ થઈ જાય છે ત્યારે માલિશ કરવાથી ખૂબ ફાયદો થાય છે.

તેલથી માલિશ કરવાથી શરીરમાં લોહી ઝડપથી ફરે છે અને તેથી શરીરની અશુદ્ધિઓ જલ્દી દૂર થાય છે. ચેતાતંત્ર (ગયદ્જ્ઞિત તુતર્યિળ) સજાગ થાય છે, શિથિલ થઈ ગયેલ માંસપેશીઓ દૃઢ બને છે તેથી શરીર સુંદર, સુડોળ અને સ્વસ્થ બને છે. બુઢાપો દૂર થકેલાય છે. રાઈનું તેલ ગરમ હોવાથી શિયાળામાં હુંફાળા તેલથી આખા શરીરે માલિશ કરવાથી શરીરમાં ગરમાવો આવે છે જેનાથી ઠંડીમાં સારું લાગે છે.

રાઈના તેલમાં વિટામીન ઈ પ્રચુર માત્રામાં હોય છે. વિટામાઈન (બી૧) ફોલેટ, નિયાસિન પર્યાપ્ત માત્રામાં અને મેગ્નેશ્યમ, પ્રોટીન, ઓલીક એસિડ, અલ્ફા લિનોલિક એસિડ વગેરે હોય છે તેથી તે પૌષ્ટીક છે. બીજા તેલ કરતાં ગરમ હોવાથી માલિશ કરતી વખતે ચામડીના છિદ્રો સારી રીતે ખુલે છે અને તેલ અંદર પ્રવેશી વધુ ફાયદો કરે છે. રાઈના તેલને સહેજ હુંફાળું કરી આખા શરીરે લગાવી હળવું દબાણ આપી માલિશ કરવી. માલિશકરવામાં સહન થાય તેટલું જ દાબણ આપવું. વધુ દબાણ શરીરને તકલીફ આપશે. તબિયત બારબર ન હોય ત્યારે માલિશ ન કરવી. (રાઈનું તેલ ન મળી શકે તેમ હોય તો તલ તેલ કે ઓલીવ ઓઈલથી માલિશ કરી શકાય). રાઈના તેલમાં રહેલ મેગ્નેશ્યમ અને સેલેનિયમ અસ્થમાના દર્દીને ફાયદાકારી છે તેનાથી છાતી પર માલિશ કરવાથી અસ્થમામાં રાહત થાય છે.

રાઈના તેલમાં વિટામીન ઈ પુષ્કળ હોવાથી તે ત્વચાને અલ્ટ્રા વાયોલેટ કિરણ અને પ્રદુષણથી બચાવે છે. ચહેરા પરની કરચલી અને કાળાશમાં થોડી રાહત આપે છે. શરીરના કોઈપણ ભાગમાં દાદર (ફંગશ) થતાં અટકાવે છે અને થઈ હોય તો વધતાં અટકાવે છે. સઠિયાના રોગ, સાંધાના દુઃખાવામાં રાહત થાય છે. શરીરની કમજોરી દૂર કરી કાર્યક્ષમતા વધારે છે. માલિશ કર્યા પછી હુંફાળા પાણીથી ન્હાવું અને સાબુને બદલે ચણાના લોટ (પાણી મેળવી) પેસ્ટ બનાવી તેનાથી ન્હાવું.

સુતાં પહેલા પગના તળિયે રાઈના તેલથી માલિશ કરવાથી મગજને ઠંડક મળે છે. ઉંઘ સારી આવે છે, આંખની રોશની તેજ થાય છે. માલિશ કર્યા બાદ પગના પોઈન્ટ દબાવવાથી ઉંઘ વધુ સારી આવે છે. રાત્રે સુતી વખતે નાભિમાં રાઈ તેલના બે ટીપા (ડ્રોપરથી) નાખી સહેજ આજુબાજુ લગાડી નાભીની આસપાસ ક્લોક વાઈઝ બે મિનીટ મસાજ કર્યાથી વેગસ નર્વ ઉત્તેજીત થાય છે અને નાભીમાંથી તેલ અંદર ઉતરી આરોગ્ય જાળવે છે.

માથામાં રાઈ તેલથી માલિશ કરવાથી તેલ વાળના મૂળમાં ઉંડે ઉતરી મીળને પોષણ આપે છે. માથામાં રક્ત સંચાલ વધારી વાળ ખરતાં અટકે છે, અકાળે ધોળા થતા નથી. રાઈના તેલમાં રહેલ ઓલિક એસિડ અને લીનાલિક એસિડ વાળની વૃદ્ધિ માટે ઉપયોગી છે. માલિશથી મગજને તાજગી મળે છે, માથું ઘુમતું હોય તો મટે છે.

રાઈનું તેલ ખાવામાં-રસોઈમાં ઉત્તર ભારતમાં તેમજ દુનિયાના ઘણા દેશોમાં વપરાય છે. રાઈના તેલમાં ૬૦% મોનો અનસેચ્યુરેટેડ ફેરી એસિડ છે, ૨૧% પોલી અનસેચ્યુરેટેડ ફેટ છે તેથી આ તેલનો ઉપયોગ ખાવામાં કર્માથી હાય બી.પી. ઘટાડે છે, લોહીમાં ટ્રાયગ્લીસરાઈડ ઘટે છે બ્લડસુગર સંતુલિત રહી છે (આ તેલમાં કોલેસ્ટ્રોલ ઝીરો હોય છે ) આ બધા જ કારણોને લીધે હૃદયની લોહીની નસોમાં બ્લોકેજનું જોખમ ઓછું થાય છે તેથી હાર્ટઅટેકનું જોખમ ઓછું થાય છે. એમાં થાયામિન, ફોલેર, નિયાસીન હોય છે જે શરીરના મેટાબોલીઝમનો ઉત્તેજીત કરે છે તેથી વજન વધુ હોય તેને ઘટાડવામાં મદદ કરે છે. પાચનતંત્રને દુરસ્ત કરવામાં લાભદાયી છે, પ્રતિરોધક ક્ષમતા વધે છે, ભોજન પ્રત્યે રૂચી ઉત્પન્ન કરે છે. રિફાઈન્ડ તેલ બનાવવાની પ્રક્રિયા વખતે તેમાં કેમિકલ્સ ઉમેરાય છે. તેથી જ રિફાઈન્ડ તેલ આરોગ્ય બગાડે છે. (રિફાઈન્ડ તેલ વાપરરાનું બંદ

કરવાની ખાસસલાહ-તેને બદલે રાઈનું તેલ વાપરો કે અન્ય તેલ વાપરવું હોય તો ધાણીનું એટલે કે cold press તેલ વાપરી) આ તેલ ગરમ (પ્રકૃતિ) હોય છે. તેથી તેનો ઉપયોગ વાનગીમાં પ્રમાણસર કરવો અતિ નહીં અને સર્ગભાએ આ તેલનો ઉપયોગ કરવો નહીં. (તળવામાં આ તેલ વપરાતું નથી).

ખાસ નોંધ : આ તેલ ગરમ થાય છે. ત્યારે તેમાંથી વરાળ નીકળે છે. તેમાં અલગ સોડમ આવે છે. પણ આ જ તેલ વાનગીમાં વપરાયા બાદ તેનો કોઈ અલગ સ્વાદ આવતો નથી તેથી ગૃહિણીઓ કંટાળો કર્યા વગર આ તેલનો ઉપયોગ કરી કુટુંબીજનોના આરોગ્યને જાળવે.

ઉપયોગ : ૧) સિંધવ મીઠું અને ફૂલેલી ફટકડીના પાવડરમાં થોડું રાઈનું તેલ મિક્સ કરી આ પેસ્ટથી દંતમંજન કરવાથી (થોડો સમય રહેવા દેવું) પાયોરીયા, દાંતના દુઃખાવા અને દાંતના બીજા સડા મટે છે., ટૂથ પાવડર અને ટૂથપેસ્ટમાં કેમિકલ્સ વપરાતાં હોઈ દાંત માટે નુકશાનકર્તા છે તેથી રોજ સવારે દાંત સાફ કરવા પણ આ પેસ્ટ વાપરવી ફાયદાકારી છે. ૨) થોડું સિંધવ નમક અને ચમચીભર તેલ મોંમા લઈ આ કોગળાને ૧૦ મિનિટ સુધી મોંમા ફેરવો પછી આ તેલનો કોગળો ફેંકી દેવું આ ક્રિયાથી શરીરના ટોક્સીન નીકળી જાય, દાંતના દુઃખાવા મટે, હલતાં દાંતની સમસ્યાનો પણ હલ થાય છે જે ચમત્કારીક છે. દાંતના અન્ય સડા તેમજ પેઢામાંથી લોહી નીકળતું હોય તો તે પણ મટે છે. દાંતની કોઈ તકલીફ ન હોય તેવી સ્વસ્થ વ્યક્તિ પણ જો આ કોગળા ૮.૧૦ દિવસે એકવાર નિયમિત કરે તો તેને કદી દાંતના ડૉક્ટરને મળવું ન પડે. નોંધ : આ કોગળો ૧૦ મિનીટથી વધુ મોંમા ફેરવવું નહિં. (અહીં તલના તેલનો પણ ઉપયોગ થઈ શકે). ૩) રાઈનું તેલ કપાળ પર લ ગાડવાથી માથાનો દુઃખાવો મટે છે. ૪) લોહી જામ્યું હોય ત્યાં રાઈના તેલની માલિશ કર્યાથી લોહી છુટું પડે છે. ૫) બાળકને ઉધરસની સમસ્યા હોય તો છાતી પર હળવા હાથે રાઈના તેલથી માલિશ કરવી. ૬) શરદી, નાકમાંથી પાણી આવતું હોય તો પગ અને પગના તળિયે રાઈના તેલની માલિશ કરવાથી રાહત થાય છે. ૭) રાઈ + પાણીનો ઉકાળો બનાવી તેનાથી વાળ ધોવાથી વાળમાં જૂ, ખંજવાળ અને ફોલ્લીઓથી રાહત મળે છે. ૮) બે ચમચી રાઈ અને ૨ ચમચી જીરું ઘીમાં ઘોડી (વઘારની જેમ) તેમાં નાનો ટુકડો જાયફળ એ સાકર સાથે પીસી લઈ પછી તેમાં ખસખસ ૧ નાની ચમચી ઉમેરી આ પાવડર ૧ ચમચી પાણી સાથે દિવસમાં ૨-૩ વખત ખાવું-મરડાની તકલીફ મટાડવા ઉત્તમ છે.


શ્રી અજિતનાથાયનમોનમઃ શ્રી ગણેશાય નમઃ જય શ્રી અંબે માતાય નમઃ

**(વાંકુ - સાંયરા - જખૌ)**

**સહર્ષ જણાવવાનું કે વાંકુગામમાં બિરાજમાન શ્રી સોની ગૌત્રના કુળદેવી**

**શ્રી અંબે માતાજી અને સર્વે (૯) ફરીઓની**

**પુનઃનિર્માણ અને પ્રતિષ્ઠા મહોત્સવનાં શુભમંગળ દિવસ નીચે મુજબ રહેશે. સવંત-૨૦૮૦**

-: પ્રથમ દિવસ :-

**ચૈત્ર વદ છઠ (૬) સોમવાર તારીખ (૨૯-૦૪-૨૦૨૪)**

-: દ્વિતીય દિવસ :-

**ચૈત્ર વદ સાતમ (૭) મંગળવાર તારીખ (૩૦-૦૪-૨૦૨૪)**

-: ત્રિતિય દિવસ :-

**માતાજી પ્રતિષ્ઠા દિવસ**

**ચૈત્ર વદ આઠમ (૮) બુધવાર તારીખ (૦૧-૦૫-૨૦૨૪)**

ઉપર જણાવેલ વિગતો મુજબ આ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.
સર્વે ભાવિકોને વિનંતી છે કે તા. ૨૯-૦૪-૨૦૨૪નાં રોજ સહકુટુંબ વાંકુ પોતાની રીતે ટિકિટો કઢાવી,
સમયસર પધારી પ્રતિષ્ઠાની શોભા વધારશોજી.

**લિ. ભુવાશ્રી મેહુલભાઈ ગુલાબચંદ સોની તથા કાર્યકારીગણનાં જય માતાજી**

શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૧-૨૦૨૪


રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨




| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ | ■ |
| | ■ | | ■ | | ■ | | ■ | ૬ | ■ | ૭ |
| ■ | ૮ | | ■ | ■ | ■ | ૯ | | | | |
| ૧૦ | ■ | ૧૧ | ૧૨ | ૧૩ | | ■ | ■ | | ■ | |
| | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | | | ■ | ■ | ■ | ૧૮ | ■ | ■ | |
| ■ | | ■ | ■ | ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | ■ |
| ૨૨ | | | ૨૩ | ■ | | ■ | ■ | ૨૪ | ■ | ૨૫ |
| | ■ | ■ | | ■ | ૨૬ | | ૨૭ | | ■ | |
| ■ | ૨૮ | ■ | | ■ | | ■ | | ■ | ૨૯ | |
| ૩૦ | | | | ■ | | ■ | ૩૧ | | | ■ |

**આડી ચાવીઓ :**

૧) નેમિનાથનું ઉત્તર ગુજરાતનું તીર્થ (૩)

૩) ચોરવાડમાં આવેલ પાર્શ્વનાથ (૪)

૮) રાજસ્થાનનું મહાવીર સ્વામીનું તીર્થ (૨)

૯) મહેસાણામાં આવેલ પાર્શ્વનાથ (૫)

૧૧) પ્રતિષ્ઠા વખતે પાર્શ્વનાથનું નામ લેવાય તે (૪)

૧૪) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)

૧૫) સ્થાવર જીવના પ્રકાર કેટલા ? (૧)

૧૬) .... નીય કર્મ (૨)

૧૭ કચ્છના આ ગામમાં નવ ટુંકના દેરાસર છે (૩)

૧૯) કેશરવર્ણ પ્રતિમા આ તીર્થમાં છે (૪)

૨૧) શત્રુંજય ઉપર દેવકીના કેટલા પુત્રોનું દેરી છે (૧)

૨૨) બનારસમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)

૨૬) પ્રતિમામાં નવ સાંધા દેખાય છે માટે આ નામ પડ્યું (૪)

૨૯) કચ્છનું ચંદ્રપ્રભનું જીનાલયવાળું ગામ (૨)

30) ભાંડકજીમાં આવેલ પાર્શ્વનાથ (૪)

૩૧) કલોલ પાસે આવેલ આદેશ્વર પ્રભુનું તીર્થ (૩)

**ઊભી ચાવીઓ :**

૧) આગળ અને પાછળથી એક સરખું નામ બોલાય તે પ્રભુ (૨)

૨) મધ્યપ્રદેશનું પદ્મ પ્રભુનું તીર્થ (૪)

૩) જંબુસ્વામીએ ..... ને પ્રતિબોધ કરેલ (૨)

૪) ગુજરાતનું નેમિનાથનું તીર્થ (૩)

૫) પાંચમાં સ્વપ્નમાં ફૂલની કેટલી માળા છે (૧)

૬) ગુજરાતમાં કુમારપાળે બનાવેલ અજીતનાથનું જીનાલય (૩)

૭) કંબોઈમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૫)

૧૦) આ તીર્થમાં પહેલા દરરોજ પ્રભુના હાથમાં સવારે ચાંદીનો સિક્કો નીકળતો (૨)

૧૨) અલ્વરમાં આવેલ પાર્શ્વનાથ (૩)

૧૩) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)

૧૭) બોરસદમાં આવેલ પ્રભુ (૩)

૧૮) કચ્છનું જીરાવલ્લાનું તીર્થ (૨)

૨૦) ભાભા પાર્શ્વનાથનું તીર્થ (૫)

૨૨) પાટણમાં આવેલ પાર્શ્વનાથ (૨)

૨૩) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)

૨૪) ગુજરાતના આ ગામમાં ભીડભંજન પાર્શ્વનાથ છે (૨)

૨૫) શંખલપુરમાં આવેલ પાર્શ્વનાથ (૩)

૨૭) મધ્યપ્રદેશના આ ગામમાં જગવલ્લભ પાર્શ્વનાથનું જીનાલય છે (૩)

૨૮) ભવનપતિદેવો કેટલા? (૨)

૨૯) શિરોહી પાસે આવેલ આદીનાથનું તીર્થ (૨)

---

**ધર્મસંદેશ - ૫.૧.૨૦૨૪ના જવાબો : આડી ચાવીઓ :** (૧) પાંચ (૩) શત્રુંજય (૫) ઓઘો (૭) ચક્ષુ (૧૦) બાલી (૧૧) વાવ (૧૪) છ (૧૫) બાહડમંત્રી (૧૮) પ્રતિમા (૧૯) ત્રસ (૨૦) નવાણું (૨૨) સો (૨૩) સ્ત્રી (૨૪) નરક (૨૮) છકાય (૨૯) આંબડમંત્રી (૩૦) પાટલા (૩૧) સતી (૩૨) કાળ. **ઊભી ચાવીઓ :** (૧) પાંચમ (૨) ચક્ષુ (૩) શનિ (૪) જમાલી (૬) ઘોડો (૮) સેવા (૯) પહાડ (૧૨) વર્ધમાન (૧૩) સંપ્રતિ (૧૫) બાલુડા (૧૬) મંત્ર (૧૭) ત્રીસ (૨૧) ચોરવાડ (૨૫) રાયણ (૨૬) ક્ષેત્રપાળ (૨૭) મિથિલા (૨૮) છત્રીસ (૨૯) આંબા.

**એ પોઝીટીવ સ્ટોરી**

## સ્વ. C.A. શ્રી દેવેન્દ્ર ટોકરશી પીર અને સ્વ. ફાધર વોલેસ

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**- ટ્રસ્ટી, માનવ જ્યોત

મો.નં.- **98200 39469**



દેવેન્દ્રભાઇનો ૧૨ જાન્યુ ૧૯૪૩ ના જન્મદિન એટલે કે સ્વામી વિવેકાનંદનો જન્મદિન.

ભારતમાં દેવેન્દ્રભાઇએ LLB અને CA કરેલું. દેવેન્દ્રભાઇ અમેરિકાના અગ્રણી ગુજરાતી-ભારતીય, જૈનશ્રેષ્ઠી દાનવીર, સમાજસેવક CA અને CPA કે.ડી.ઓ. જૈન હતા.

દેવેન્દ્રભાઇ ફાધર વોલેસના માનસ પુત્ર હતા. ફાધર વોલેસ અને દેવેન્દ્ર પીરનો સંબંધ નિરાળો હતો. અમેરિકામાં દેવેન્દ્રભાઇ અનેક સંસ્થાંઓ સાથે સક્રીય જોડાયેલા. જૈન સંસ્થાઓમાં વિશેષતઃ દેવેન્દ્રભાઇએ અમદાવાદમાં ફાધર વોલેસનાં ચાર ભવ્ય કાર્યક્રમો કરેલા. બન્નેના સંબંધો ખૂબ જ મજબૂત અને આત્મીય હતા.દેવેન્દ્રભાઇ ફાધર વોલેસને ખૂબ માને. પિતા, ગુરુ, માર્ગદર્શક, જે ગણો તે.

દેવેન્દ્રભાઇએ ફાધર વોલેસ જીવ્યા ત્યાં સુધી તેમની ખૂબ જ કાળજી લીધી, ચાકરી કરી, મોટી વયે તો દેવેન્દ્રભાઇ જ તેમને ગુજરાત - ભારત ની મુલાકાતે લાવતા. ગુજરાતી સાહિત્ય પરિષદના એક કાર્યક્રમમાં દેવેન્દ્રભાઇના ફાધર વોલેસ માટેના આદર -પ્રેમની સતત પ્રતીતિ થઇ. તેમની ખૂબ જ કાળજી લેતા. તેમના માટે અપાર આનંદ અને પ્રેમ હતો.

ડો. મીતા સાથે તેમણે પ્રેમલગ્ન કરેલા. ડો.મીતા મહારાષ્ટ્રીયન છે. દેવેન્દ્ર તેમના માટે પુનામાં મેડીકલ કેમ્પ કરતા,પુનામાં લતા મંગેશકરે પોતાના પિતાની સ્મૃતિમાં હોસ્પીટલ બાંધી. આ યુગલે આખો ફલોર દાતા તરીકે દાનમાં આપેલો. શ્રી દેવેન્દ્રભાઇ ૨૨ જુલાઇ ૨૦૨૨ ના, ઉંમરના ૮૦મા વર્ષે નિધન પામ્યા.

# ચાલો યાદ કરીએ 'લાલકા સાહેબ'ને

કચ્છ જીલ્લામાં અબડાસો તાલુકો મોટામાં મોટો, તેમાંય બાંઢીયા ગામ અને આ નાના એવા ગામમાં 'લાલકા સાહેબ' પિતાશ્રી લીલાધરભાઈ અને માતુશ્રી ભમલમાના લાડીલા કુંવર એટલે કચ્છના અને કે.ડી.ઓ. જ્ઞાતિના પ્રથમ 'રેન્જર ફોરેસ્ટ ઓફિસર' મદ્રાસ રાજ્યમાંથી ફોરેસ્ટ્રીનો અભ્યાસ કરેલો, ભારત સરકારે તેમની નિમણુંક કચ્છ ફોરેસ્ટ ઓફિસર તરીકે કરેલી. એવા લોકપ્રિય, પ્રમાણિક, ફરજમંદ, નિષ્ઠાવાન કર્મચારી એટલે બાંઢીયા ગામના 'હિરાચંદ લીલાધર લાલકા'. વર્ષો સુધી ફોરેસ્ટ ઓફિસર તરીકે ફરજ બજાવી, કચ્છના ઘણા ગામોમાં વૃક્ષરોપણ કરાવીને લીલુંછમ કરનાર 'લાલકા સાહેબ' મારા સલાહકાર અને વડિલ બંધુ હતા. તે સમયે અને તે કાળે બાંઢીયા ગામના લાલકા સાહેબ અને એમના માર્ગદર્શનથી 'એગ્રીકલ્ચર' લાઈનમાં જનાર હું (અબડાસા તાલુકામાં) પ્રથમ હોઈશ.

'લાલકાસાહેબ'ને આખું કચ્છ તથા મૈસુર રાજ્યના ગામોની પ્રજા નજીકથી ઓળખતી હતી. મૈસુરના જંગલોમાં સુખડ-ચંદનની ચોરીનું પ્રમાણ હતું ત્યારે ભારત સરકારે તેમની ખાસ નિમણુંક કરી, મૈસુરના જંગલોને જીવના જોખમે બચાવેલ તે મારી જાણમાં છે. સ્વભાવે કડક, નીડર અને મળતાવળા પણ એટલા જ. મારી મુલાકાત દર વર્ષે બાંઢીયા ગામમાં ગામની મસ્જીદના ઓટલે થતી ત્યાં ગામના દરેક કોમના માણસો બેસવા આવતા, હું પણ જતો. લાલકા સાહેબ મારા અભ્યાસ બાબતે પૂછતા અને કાયમ કહેતા કે આ લાઈનમાં ઠેઠ સુધી ભણજે. અને હું ભણ્યો. આમ ગામને રેન્જર ફોરેસ્ટ ઓફિસર મળ્યા અને કૃષિ સ્નાતક મળ્યા. એમને અને મને ગામના મોટી દહેલીનાં દરબાર, મા.સ્વ. ભાધુભા જાડેજા કાયમ પ્રોત્સાહન આપતા. તે સમયે ગામની વસ્તી પણ દરેક કોમની સારી હતી. આખું ગામ ખેતી ઉદ્યોગથી ધમધમતું હતું. આજે વિપરિત છે. સમય સમયનું કામ કરે તેમ છતાં આજે પણ અબડાસામાં અને શહેરોમાં 'લાલકા સાહેબ'નું નામ છે. એમનો દીકરો જયેશ પણ પિતાજીના પગલે કચ્છ વિકાસના અનેક કામોમાં સહભાગી છે. જ્યારે ગુજરાત-કચ્છમાં ૨૦૦૧ની સાલમાં ભયંકર ભૂકંપ થયો, ત્યારે ભાઈ જયેશની કામગીરી અવિસ્મરણીય છે. નવા વિકાસના કાર્યોનું આયોજન જયેશભાઈ જ કરતા. આમ દિકરો પણ લાલકા સાહેબની ધરોહરને આગળ ધપાવે જાય છે. 'લાલકા સાહેબ' પછી કોઈનું નામ ચોપડે હજુ ચડેલ નથી, તેવી મારી જાણમાં છે. આવા લાલકા સાહેબ વિશે લખવા બેસું તો એક પુસ્તક તૈયાર થાય. બસ હવે તો ફક્ત એમની કામગીરી અને નિષ્ઠાને યાદ કરશું તો એમને શ્રદ્ધાંજલી આપ્યા બરોબર લેખાશે.

**- ઠાકરશી ગોવિંદજી મૈશેરી-આણંદ**

**મો. ૯૯૭૪૮૭૯૦૩૩**

# તેરા તીર્થ મંડન શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ
## તા. ૨૭.૧૨.૨૩ થી ૩૧.૧૨.૨૩ - તસ્વીરી ઝલક



શ્રી સંઘપતિ પરિવાર - ભુજ સ્ટેશન



મહામહોત્સવના પ્રમુખ શ્રી નરેન્દ્ર શામજી દંડ પરિવારનું બહુમાન



તેરા તીર્થ મંડન શ્રી શામળીયાજી જિનાલય
બંધાવનાર ગોરજી પરિવારનું બહુમાન



શ્રી જીરાવલ્લા દાદાના
શિખરે ધ્વજારોહણ



શ્રી શામળીયા જિનાલયના
શિખરે ધ્વજારોહણ



મહોમહોત્સવ ધ્વજારોહણ બાદ
ઉલ્લાસમય વાતાવરણ



મહોમહોત્સવ ધ્વજારોહણ બાદ
ઉલ્લાસમય વાતાવરણ



શ્રીયુત પન્નાબેન મોમાયા
(ડીઆઈજી-બરોડા)નું બહુમાન



શ્રી કુમારપાળ રાજા દ્વારા
પ્રભુજીની આરતી



શ્રી જીરાવલ્લા ધ્વજા લાભાર્થી પરિવાર
શ્રીમતી પ્રિયાબેન પ્રફુલ મોતાનું બહુમાન



શ્રી સહસ્ત્રકુટ જિનાલય ધ્વજારોહણના
લાભાર્થી શ્રીમતી જયાબેન ધનપાલ દંડ
(આણંદ પરિવાર)નું બહુમાન



શ્રી ભરત ચક્રવર્તી ભોજન ખંડના લાભાર્થી
શ્રી આણંદજી દામજી નાગડા (ભાવર/નિયાણી)
પરિવારનું બહુમાન



શ્રી વારાણસી નગરીના લાભાર્થી
શ્રીમતી લલિતાબેન હિરાચંદ દંડ-હુબલી
આણંદ પરિવાર



તેરા તીર્થના ત્રીજી પેઢી મહેતાજી/મેનેજર
શ્રી ગિરીશભાઈ દામોદર
મલ્લ પરિવારનું બહુમાન



મહામહોત્સવના કન્વીનર
શ્રી કુમાર બાબુભાઈ દંડ
પરિવારનું બહુમાન

।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ।।



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા
# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરા
# શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ




## દેવ ગુરૂ ની કૃપા, આનંદ ની આરતી, આભાર ની અભિવ્યક્તિ, ભૂલચૂક નું મિચ્છામી દુક્કડમ...

તેરા તીર્થ મંડન શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ તા. **૨૭/૧૨/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩** સુધી તેરા તીર્થે ખૂબ જ ઉલ્લાસપૂર્વક, રંગે ચંગે ઉજવાયો.

### પંચ પરમેષ્ટીની અસીમ કૃપા :

સંપ્રતિ કાલીન ચમત્કારિક **શ્રી જીરાવલ્લા અને શ્રી શામળીયા પાર્શ્વનાથ દાદાની** અનરાધાર કૃપા, સર્વે પૂર્વચાર્યોની દિવ્ય કૃપા, અચલગચ્છાધિપતિ શ્રી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ની આજ્ઞા અને આશિષ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય ઉપાધ્યાય ભગવંત **શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબ** અને પરમ પૂજ્ય મુનિરાજ **શ્રી કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબ** તથા **પ.પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય સાધ્વી શ્રી ભદ્રગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી હિરણ્યગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી અમિતયશાશ્રીજી મહારાજ સાહેબ** આદી ઠાણા, **પ. પૂ. સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. સા. શ્રી આનંદકિરણાશ્રીજી મહારાજ સાહેબ**, અને યતીવર્ય **શ્રી મોતીસાગરજી મહારાજ સાહેબ** ની પાવન નિશ્રા થી મહામહોત્સવ ધાર્મિકતા ના રંગથી ઉજવાઈ ગયો.

### વિવિધ પૂજન, અનુષ્ઠાન :

**"અઢાર અભિષેક, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, લઘુ શાંતી સ્નાત્ર પૂજન, રથયાત્રા, ધ્વજા મહોત્સવ, કુમારપાળ રાજા દ્વારા આરતી અને તેમનો ભવ્ય રાજ દરબાર, દાદાનો દાયજો તથા સંયમ ઉપકરણ ઉદ્યાપન"** ના દશ્ય આલ્હાદક હતા. સર્વે ભાવિકોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

શ્રી તે કુ લા ધુ, નિયાણી પરિવારજનો અને આમંત્રિત મહેમાનો ખૂબ જ સારી સંખ્યામાં પધાર્યા હતા. શ્રી તે કુ લા ધુ જૈન યુવક સંઘ મુંબઈ, શ્રી તેરા ટ્રસ્ટ/મહાજન ના ટ્રસ્ટી મહોદયશ્રીઓ તથા નામી અનામી અનેક કાર્યકરોની વર્ષો - મહિનાઓથી કરેલ મહેનત રંગ લાવી, જેમાં મુખ્યત્વે વિવિધ પૂજન-અનુષ્ઠાન, ભોજન વ્યવસ્થા, રહેઠાણ વ્યવસ્થા, ટેન્ટ વ્યવસ્થા, વાહન વ્યવહાર વ્યવસ્થા, રાસ ગરબા, દાંડિયા રાસ અને ક્રિકેટ મેચ વગેરે પ્રસંગો ઇન્દ્ર ધનુષ ના રંગ ની જેમ પ્રકાશી ગયા.

### વાર્ષિક સંઘપતિ અને સાધારણ ફંડની યોજના :

મહામહોત્સવ દરમિયાન વિવિધ ચડાવાઓના લાભાર્થી પરિવારો, રૂા. ૨૩/- દરરોજના તે પ્રમાણે વર્ષના (ત્રણ વર્ષ માટે) રૂા. ૮,૦૦૦/- થી અધિક અને ત્રણ વર્ષમાં રૂા. ૨૫,૦૦૦/- ની સાધારણ સ્કીમના દિલેર દાતાશ્રીઓ અને રૂા. ૫૧,૦૦૦/- ના **પર્યુષણ પર્વ, વાર્ષિક ધ્વજા મહોત્સવ અને બે આયંબિલ ની ઓળી ના વાર્ષિક સંઘપતિ દાતાશ્રીઓ નો પણ** આ તબક્કે આભાર માનીએ છીએ તેમણે પોતાની લક્ષ્મીને શુભ લક્ષ્મી બનાવી, ચંચળ લક્ષ્મીને તીર્થમાં સ્થિર કરી, તીર્થ ભક્તિ કરી.

### વિશેષ નોંધ :

મહામહોત્સવ દરમિયાન સર્વે દિલેર દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું, કોઈ સંજોગો અનુસાર કોઈ દાતા પરિવાર નું બહુમાન રહી ગયું હોય તો કૃપા કરી નીઃસંકોચ કાર્યકર્તાઓનો સંપર્ક કરશોજી.

આ પ્રસંગે પધારેલ સર્વેને પરિવાર દીઠ તેરા ટ્રસ્ટ-મહાજન તરફથી એક પાઉચ તથા નિયાણી પરિવારોને પેંડા ના બોક્સ ની મહામહોત્સવ ની યાદગીરી સ્વરૂપે ભેટ આપવામાં આવી હતી. શ્રી સંઘપતિ પરિવાર તરફથી પણ એક ગરમ પાણીની બોટલ રાખવા માટેની થેલી આપવામાં આવી હતી અને રત્ના માં પરિવાર તરફથી મહામહોત્સવની સ્મૃતિ નિમિત્ત સોનાની ગીલેટ ચડાવેલી રત્નામાંની પાવલી ની ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી શામળીયા જિનાલય બંધાવનાર ગોરજી પરિવાર ના દોહિત્ર પરિવાર પણ પધાર્યા હતા તેમનું પણ યથા યોગ્ય બહુમાન થયું હતું.

આપણા આમંત્રણને માન આપી અનેક જ્ઞાતિજનો, વિવિધ સંઘ, સંસ્થા, મંડળના પદાધિકારીઓ, અન્ય સમાજના પદાધિકારીઓ પણ પધાર્યા હતા, તેમનું આ પ્રસંગે ઋણ સ્વીકાર કરી આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પ્રસંગે અબડાસા તીર્થ સહ અન્ય ગામો તરફથી પણ સંપૂર્ણ સાથ સહકાર મળ્યો હતો જેથી આ મહામહોત્સવ વ્યવસ્થિત રીતે ઉજવાઈ ગયો.

પધારેલા સર્વે ભાવિકો, મહેમાનો, નિયાણી પરિવાર ના પણ આ તબક્કે અમો ઋણી છીએ કે સર્વેના ચહેરા ઉપર ફક્ત ખુશાલી ભર્યો ભાવ હતો, હૃદયમાં ધાર્મિકતા ના સ્પંદનો રેલાયેલા હતા, સર્વે એ દાનની ગંગાઓ રેલાવી હતી, ક્યાં કોઈપણ જાતની ફરિયાદ ન હતી................. **ફાવશે, ગમશે, ચાલશે નું સૂત્ર સાચે જ સૌએ હૃદયસ્થ કર્યું હતું.**

### મહામહોત્સવ માર્ગદર્શક :

સંપૂર્ણ મહામહોત્સવ માર્ગદર્શક એવા સુશ્રાવક, નવકાર મંત્ર આરાધક, વર્ષીતપના તપસ્વી **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** અને **ચી. મેઘ નંદુ** નું પણ આપણે આભાર માનશું. નંદુ ભા ખરેખર શ્રી સરસ્વતી જી અને શ્રી લક્ષ્મીજી ના પરમ ઉપાસક છે, તેઓની વાણીથી સર્વે મંત્રમુગ્ધ બની ગયા હતા અને શાસનના અનેકવિધ કાર્યો તેમના હાથે તેરા તીર્થે થયા હતા. શ્રી સંઘ તેમનો હંમેશા ઋણી રહેશે.

ફરી એકવાર શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા દાદા અને સર્વે ગુરૂ ભગવંતો ને વંદન કરીયે, જેમની કૃપા દ્રષ્ટિ થકી ઉપરોક્ત મહામહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યું, તે માટે સકળ સંઘ તેમનો હંમેશા ઋણી રહેશે.

### મિચ્છામી દુક્કડમ :



મહામહોત્સવ દરમ્યાન રાખેલ વ્યવસ્થામાં અમારા તરફથી, અમારા સ્ટાફ તરફથી અથવા કોઈપણ કાર્યકર્તાઓ તરફથી કોઈપણ જાતની ભૂલચૂક થઈ હોય, કોઈ વ્યવસ્થા પુરેપુરી સાચવી ન હોય તે બદલ અમો અંતઃકરણપૂર્વક મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ અમને ક્ષમા કરશોજી.



**લી.: શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, તેરા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જીરાવલ્લા ટ્રસ્ટ તેરા**
**શ્રી તે કુ લા ધુ જૈન યુવક સંઘ, મુંબઈ**
**શ્રી તેરા તીર્થ મંડન શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ વતી**

પ્રમુખ : **શ્રી નરેન્દ્ર શામજી દંડ** કન્વીનર : **શ્રી કુમાર બાબુભાઈ દંડ**



॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥

KDO

॥ શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ॥



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા
# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરા
# શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ




## દેવ ગુરૂ ની કૃપા, આનંદ ની આરતી, આભાર ની અભિવ્યક્તિ, ભૂલચૂક નું મિચ્છામી દુક્કડમ...

તેરા તીર્થ મંડન શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ તા. **૨૭/૧૨/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩** સુધી તેરા તીર્થે ખૂબ જ ઉલ્લાસપૂર્વક, રંગે ચંગે ઉજવાયો.

### પંચ પરમેષ્ટીની અસીમ કૃપા :

સંપ્રતિ કાલીન ચમત્કારિક **શ્રી જીરાવલ્લા અને શ્રી શામળીયા પાર્શ્વનાથ દાદાની** અનરાધાર કૃપા, સર્વે પૂર્વાચાર્યોની દિવ્ય કૃપા, અચલગચ્છાધિપતિ શ્રી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** ની આજ્ઞા અને આશિષ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ,** પરમ પૂજ્ય ઉપાધ્યાય ભગવંત **શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબ** અને પરમ પૂજ્ય મુનિરાજ **શ્રી કલ્પતરૂસાગરજી મહારાજ સાહેબ** તથા **પ.પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય સાધ્વી શ્રી ભદ્રગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી હિરણ્યગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ, પ.પૂ. સા. શ્રી અમિતયશાશ્રીજી મહારાજ સાહેબ** આદી ઠાણા, **પ. પૂ. સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મહારાજ સાહેબ, પ. પૂ. સા. શ્રી આનંદકિરણાશ્રીજી મહારાજ સાહેબ,** અને યતીવર્ય **શ્રી મોતીસાગરજી મહારાજ સાહેબ** ની પાવન નિશ્રા થી મહામહોત્સવ ધાર્મિકતા ના રંગથી ઉજવાઈ ગયો.

### વિવિધ પૂજન, અનુષ્ઠાન :

**"અઢાર અભિષેક, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, લઘુ શાંતી સ્નાત્ર પૂજન, રથયાત્રા, ધ્વજા મહોત્સવ, કુમારપાળ રાજા દ્વારા આરતી અને તેમનો ભવ્ય રાજ દરબાર, દાદાનો દાયજો તથા સંયમ ઉપકરણ ઉદ્યાપન"** ના દશ્ય આલ્હાદક હતા. સર્વે ભાવિકોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

શ્રી તે કુ લા ધુ, નિયાણી પરિવારજનો અને આમંત્રિત મહેમાનો ખૂબ જ સારી સંખ્યામાં પધાર્યા હતા. શ્રી તે કુ લા ધુ જૈન યુવક સંઘ મુંબઈ, શ્રી તેરા ટ્રસ્ટ/મહાજન ના ટ્રસ્ટી મહોદયશ્રીઓ તથા નામી અનામી અનેક કાર્યકરોની વર્ષો - મહિનાઓથી કરેલ મહેનત રંગ લાવી, જેમાં મુખ્યત્વે વિવિધ પૂજન-અનુષ્ઠાન, ભોજન વ્યવસ્થા, રહેઠાણ વ્યવસ્થા, ટેન્ટ વ્યવસ્થા, વાહન વ્યવહાર વ્યવસ્થા, રાસ ગરબા, દાંડિયા રાસ અને ક્રિકેટ મેચ વગેરે પ્રસંગો ઇન્દ્ર ધનુષ ના રંગ ની જેમ પ્રકાશી ગયા.

### વાર્ષિક સંઘપતિ અને સાધારણ ફંડની યોજના :

મહામહોત્સવ દરમિયાન વિવિધ ચડાવાઓના લાભાર્થી પરિવારો, રૂા. ૨૩/- દરરોજના તે પ્રમાણે વર્ષના (ત્રણ વર્ષ માટે) રૂા. ૮,૦૦૦/- થી અધિક અને ત્રણ વર્ષમાં રૂા. ૨૫,૦૦૦/- ની સાધારણ સ્કીમના દિલેર દાતાશ્રીઓ અને રૂા. ૫૧,૦૦૦/- ના **પર્યુષણ પર્વ, વાર્ષિક ધ્વજા મહોત્સવ અને બે આયંબિલ ની ઓળી ના વાર્ષિક સંઘપતિ દાતાશ્રીઓ નો પણ** આ તબક્કે આભાર માનીએ છીએ તેમણે પોતાની લક્ષ્મીને શુભ લક્ષ્મી બનાવી, ચંચળ લક્ષ્મીને તીર્થમાં સ્થિર કરી, તીર્થ ભક્તિ કરી.

### વિશેષ નોંધ :

મહામહોત્સવ દરમિયાન સર્વે દિલેર દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું, કોઈ સંજોગો અનુસાર કોઈ દાતા પરિવાર નું બહુમાન રહી ગયું હોય તો કૃપા કરી નીઃસંકોચ કાર્યકર્તાઓનો સંપર્ક કરશોજી.

આ પ્રસંગે પધારેલ સર્વેને પરિવાર દીઠ તેરા ટ્રસ્ટ-મહાજન તરફથી એક પાઉચ તથા નિયાણી પરિવારોને પેંડા ના બોક્સ ની મહામહોત્સવ ની યાદગીરી સ્વરૂપે ભેટ આપવામાં આવી હતી. શ્રી સંઘપતિ પરિવાર તરફથી પણ એક ગરમ પાણીની બોટલ રાખવા માટેની થેલી આપવામાં આવી હતી અને રત્ના માં પરિવાર તરફથી મહામહોત્સવની સ્મૃતિ નિમિત્ત સોનાની ગીલેટ ચડાવેલી રત્નામાંની પાવલી ની ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી શામળીયા જિનાલય બંધાવનાર ગોરજી પરિવાર ના દોહિત્ર પરિવાર પણ પધાર્યા હતા તેમનું પણ યથા યોગ્ય બહુમાન થયું હતું.

આપણા આમંત્રણને માન આપી અનેક જ્ઞાતિજનો, વિવિધ સંઘ, સંસ્થા, મંડળના પદાધિકારીઓ, અન્ય સમાજના પદાધિકારીઓ પણ પધાર્યા હતા, તેમનું આ પ્રસંગે ઋણ સ્વીકાર કરી આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પ્રસંગે અબડાસા તીર્થ સહ અન્ય ગામો તરફથી પણ સંપૂર્ણ સાથ સહકાર મળ્યો હતો જેથી આ મહામહોત્સવ વ્યવસ્થિત રીતે ઉજવાઈ ગયો.

પધારેલા સર્વે ભાવિકો, મહેમાનો, નિયાણી પરિવાર ના પણ આ તબક્કે અમો ઋણી છીએ કે સર્વેના ચહેરા ઉપર ફક્ત ખુશાલી ભર્યો ભાવ હતો, હૃદયમાં ધાર્મિકતા ના સ્પંદનો રેલાયેલા હતા, સર્વે એ દાનની ગંગાઓ રેલાવી હતી, ક્યાં કોઈપણ જાતની ફરિયાદ ન હતી................. **ફાવશે, ગમશે, ચાલશે નું સૂત્ર સાચે જ સૌએ હૃદયસ્થ કર્યું હતું.**

### મહામહોત્સવ માર્ગદર્શક :

સંપૂર્ણ મહામહોત્સવ માર્ગદર્શક એવા સુશ્રાવક, નવકાર મંત્ર આરાધક, વર્ષીતપના તપસ્વી **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** અને **ચી. મેઘ નંદુ** નું પણ આપણે આભાર માનશું. નંદુ ભા ખરેખર શ્રી સરસ્વતી જી અને શ્રી લક્ષ્મીજી ના પરમ ઉપાસક છે, તેઓની વાણીથી સર્વે મંત્રમુગ્ધ બની ગયા હતા અને શાસનના અનેકવિધ કાર્યો તેમના હાથે તેરા તીર્થે થયા હતા. શ્રી સંઘ તેમનો હંમેશા ઋણી રહેશે.

ફરી એકવાર શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા દાદા અને સર્વે ગુરૂ ભગવંતો ને વંદન કરીયે, જેમની કૃપા દ્રષ્ટિ થકી ઉપરોક્ત મહામહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યું, તે માટે સકળ સંઘ તેમનો હંમેશા ઋણી રહેશે.

### મિચ્છામી દુક્કડમ :

મહામહોત્સવ દરમ્યાન રાખેલ વ્યવસ્થામાં અમારા તરફથી, અમારા સ્ટાફ તરફથી અથવા કોઈપણ કાર્યકર્તાઓ તરફથી કોઈપણ જાતની ભૂલચૂક થઈ હોય, કોઈ વ્યવસ્થા પુરેપુરી સાચવી ન હોય તે બદલ અમો અંતઃકરણપૂર્વક મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ અમને ક્ષમા કરશોજી.



**લી.: શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, તેરા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જીરાવલ્લા ટ્રસ્ટ તેરા**
**શ્રી તે કુ લા ધુ જૈન યુવક સંઘ, મુંબઈ**
**શ્રી તેરા તીર્થ મંડન શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ વતી**

પ્રમુખ : **શ્રી નરેન્દ્ર શામજી દંડ**　　કન્વીનર : **શ્રી કુમાર બાબુભાઈ દંડ**





દાતા પરિવાર શ્રી વિનોદ ખેતશી મોતા પરિવારનું બહુમાન





પાઠશાળાના બાળકો દ્વારા નાટીકાના દ્રશ્યો



રાસ ગરબા



ક્રિકેટ મેચમાં યુવાનો-યુવતીઓ



શામળીયા દાદા ઉપર વાસક્ષેપ કરતા આ.ભ. શ્રી. કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.



શ્રી જિરાવલ્લા દાદા ઉપર વાસક્ષેપ કરતા મુનિ ભગવંતશ્રી કલ્પતરૂસાગરજી મ.સા.



સુર્ય દર્શન કરાવતા શ્રી લીલબાઈ માણેકજી દંડ (આણંદ પરિવાર)



શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ-મુંબઈના પદાધિકારીઓ



પદ્માવતી પૂજન



સાધ્વી વૃંદ



ધ્વજા લાભાર્થી પરિવારો



મહામહોત્સવ નિશ્રા દાતા ગુરૂ ભગવંતો



૧૦૮ દિવાની આરતીના લાભાર્થી પરિવારો



રથયાત્રાની તૈયારી



રાજવી પરિવારના શ્રી મયુરધ્વજસિંહ સાથે ગોરજી પરિવારના શ્રી મલયભાઈ ઝવેરી



ગુરૂ ભગવંતોની રથયાત્રા મધ્યે પધરામણી



જ્ઞાતિ શ્રેષ્ઠીવર્યો સાથે વાર્તાલાપ

## ક.દ.ઓ. સ્કૂલ નાની પણ નમૂનેદાર!

(રાગ : સાબરમતી કે સંત તૂને કરદિયા કમાલ...)

માધ્યમિક શાળા સુધીનું શિક્ષણ આપ્યું
ના લેબોરેટરી કે ના મેદાન
શ્રી કચ્છી દશા સ્કૂલે કરી દીધી કમાલ
નાની પણ હતી નમૂનેદાર...!(૨)
૧૯૪૪થી સહશિક્ષણ શરૂ કરી મિલાવ્યા જગત સાથે તાલ,
શિસ્ત, સંસ્કાર અને શિક્ષણમાં ગણાય બેમિશાલ!
અનંતનાથ દેરાસરના ઉપાશ્રયમાં હતી નમૂનેદાર
આઈ.એન.ટી. માં સ્થાન મેળવી 'ધમાલ' દાંડિયામાં નામાંકિત
ચિત્રકલા, શીવણ, રસોઈ વગેરે લલિત ક્ષેત્રે નભ કર્યો અંકિત
સુશિક્ષકો સાથે વિવિધ ક્ષેત્રે હતી નમૂનેદાર...(૨)
શિસ્તબદ્ધ આપ્યું પાયાનું શિક્ષણ વિના ખર્ચ વિના દાન
ઉત્તમ છાત્રોએ વિવિધ ક્ષેત્રે રોશન કરી મુંબઈની શાન
દેરાસરના પરિસરમાં શોભે શાનદાર... (૨)
આજે જીવનની શમી સાંજે માણીએ છીએ મીઠાં સંસ્મરણ
૬૦ વર્ષથી છૂટા પડ્યા બાદ સાચવ્યા છે ભાઈબહેનોના બંધન
જ્ઞાતિજનો જાગો! ફરી ધમધમતી સ્કૂલ શરૂ કરો
નરશીનાથાના સપનાને દિલાવર દિલથી ઉજાગર કરો
સમસ્યાઓ થમી જશે આપોઆપ... (૨)
(ઈ.સ. ૧૯૬૪ ગ્રુપની મીટીંગ પ્રસંગે રચિત ૩૧.૧૨.૨૩)

રચયિતા-શ્રીમતી ખમા ધર્મેન્દ્ર નાગડા-માટુંગા(જખૌ)
મો.: ૯૩૨૪૦૧૩૬૮૦

### નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.


MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ


## અયોધ્યા ખાતે નવનિર્મિત ભવ્ય રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હાર્દિક અભિનંદન



### જ્ઞાતિ ગૌરવ શ્રી ભરતભાઈ ખોના



વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીના કેરળ આગમનના અવસરે અન્ય મહાનુભાવો સાથે ભરત નવીનભાઈ ખોના પણ સ્વાગતકર્તા ટીમમાં હતા. જે કદઓ જૈન જ્ઞાતિ માટે એક ગૌરવની પળ કહી શકાય. વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરી રહેલા ભરતભાઈ.

### પ્રબોધ મુનવરનું સન્માન કરાયું



કચ્છ જિલ્લા પત્રકાર હિતરક્ષક સંઘ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ પ્રબોધ હીરાચંદ મુનવર કોઠારા હાલે વર્ધમાનનગરનું તેમણે પત્રકારત્વ ક્ષેત્રે આપેલા યોગદાન બદલ સન્માન કરતા ગુજરાત વિધાનસભા પૂર્વ અધ્યક્ષા શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્ય તથા કચ્છ યુનિવર્સિટીનાં કુલપતિ શ્રી. પ્રોડૉ. ડીએમ. બકરાણીયા તથા અન્ય મહાનુભાવો.

## ચૌદમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના...



જન્મ
તા.૧૫.૦૮.૧૯૪૨

અરિહંતશરણ
તા.૧૯.૧૨.૨૦૦૯

### સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ
(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)

## પાંચમી પુણ્યતિથિએ સ્મરણજલિ...



જન્મ
તા.૧૯.૧૧.૧૯૬૨

અરિહંતશરણ
તા.૧૦.૧.૨૦૧૯

### શ્રી મનોજ કુંવરજી દંડ
(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)

**ભુલ્યા નથી તમને, ભુલીશું નહી તમોને, ભુલી જવાય જગ ભલે, તમે ભુલાશો નહી...**

સૃષ્ટિના નિયમ પ્રમાણે સમયની રેતી સરકી ગઇ,
સ્મરણો ભીંજવે છે હૈયું ને હૈયું ભીંજવે છે આંખ,
હવે તો રહેશે કેવળ, તમારા કરેલા સુકૃતોનો સંગાથ,
ઉજજવળ ભવિષ્યના તમે પાયા બન્યા,
પ્રેમાળ અને પ્રોત્સાહનના સુકાની બન્યા,
તમારી દીર્ઘદૃષ્ટિ અને ધ્યેયપૂર્તિની ધગશ,
બને છે અમારા માર્ગદર્શક અને સંરક્ષક,
જીવનની સફરમાં તમે નથી હવે સાથી,
એ ખોટ સાલતી રહેવાની સદાની,
ભલે નથી તમે આજ સદેહે અમારી વચ્ચે, પણ વસો છો હમેશા અમર આત્મ સ્વરૂપે
પરમકૃપાળુ પરમાત્મા આપના પુનિત આત્માને પરમશાંતિ અર્પે એજ અભ્યર્થના...

**હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો**

| | |
|---|---|
| પતિ | : શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ-સસરા | : સ્વ. દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ (સેવક ભરૂડિયા) |
| માતા-પિતા | : સ્વ. ડેકાબાઇ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી) |
| પુત્ર | : સ્વ. મનોજ કુંવરજી દંડ |
| પુત્રવધુ | : શ્રીમતી કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી-જમાઇ | : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા(મોટી ખાવડી) |
| | : અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર) |
| પૌત્રી-જમાઇ | : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સે. ભરૂડિયા) |
| | : અ. સૌ. સ્તુતિ અમન ધીરેનભાઇ ગડા (સાભરાઇ) |
| પૌત્રી | : ચિ. પલક |
| દોહિત્રી-દોહિત્રા | : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ |
| પરપૌત્રી | : ચિ. અનાયા જિનેશ ધુલ્લા (સે. ભરૂડિયા) |

| | |
|---|---|
| પત્ની | : શ્રીમતી કલ્પના મનોજ કુંવરજી દંડ |
| માતા-પિતા | : સ્વ. સૌ. તારાબેન અને શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ-સસરા | : સ્વ. સૌ. ધનલક્ષ્મીબેન અને |
| | : શ્રી વિશનજી ગાંગજી લાપસિયા (દલતુંગી) |
| પુત્રી-જમાઇ | : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સે. ભરૂડિયા) |
| પુત્રીજમાઇ | : અ. સૌ. સ્તુતિ અમન ધીરેનભાઇ ગડા (સાભરાઇ) |
| પુત્રી | : ચિ. પલક |
| બહેન-બનેવી | : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા (મોટી ખાવડી) |
| | : અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર) |
| ભાણેજ-ભાણેજી | : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ |
| દોહિત્રી | : ચિ. અનાયા જિનેશ ધુલ્લા (સે. ભરૂડિયા) |

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી નાંદેડ શ્વેતાંબર મૂ.પૂ. સંઘ



શ્રી ચન્દ્રપ્રભુ સ્વામી ભગવાનના જન્મ કલ્યાણકના અવસરે શ્રી નાંદેડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાંદેડના આંગણે પ.પુ. સા. શ્રી સંયમગુણાશ્રીજી મ.સા આદી ઠાણા ૦૪ની પાવન નિશ્રામાં વર્ધમાન શક્સત્વ અભિષેક રાખવામા આવ્યો હતો.

### કોઠારા શાંતિનાથજી જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠ

અબડાસા મોટી પંચતીર્થીના મુખ્ય કેન્દ્ર સમાન કોઠારા તીર્થના શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૩મી વર્ષગાંઠ તા. ૨૧.૨.૨૦૨૪ના ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાશે.

સંવત ૧૯૧૮ મહાસુદ-૧૩ તા. ૧૨.૨.૧૮૬૨ના આ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ. શેઠશ્રી વેલજી માલુ લોડાયા, શેઠ શ્રી શીવજી નેણશી લોડાયા તથા શેઠ શ્રી કેશવજી નાયક દંડે આ જિનાલય બંધાવ્યુ હતું.

આ ભવ્ય અને વિશાળ જિનાલયનું જીર્ણોદ્ધાર કાર્ય પુરજોશમાં ચાલુ છે. ભોજનશાળા, અતિથીગૃહ, પાંજરાપોળ વગેરે મધ્યે નવનીકરણ કાર્ય ચાલી રહ્યું છે.

### શ્રી કચ્છી યુવા ગ્રુપ ઈંદોર નવી કમિટી

તા. ૪.૧.૨૪ના શ્રી કચ્છી જૈન સમાજના મંત્રી શ્રી રાજેશભાઈ ધરમશીની ઉપસ્થિતિમાં યોજાયેલી મીટીંગમાં શ્રી કચ્છી યુવા ગ્રુપ ઈંદોરની નવી કમિટીની રચના થઈ.

અધ્યક્ષ : જીગ્નેશ ગીરીશભાઈ નાગડા, ઉપાધ્યક્ષ : મોનિકા વૈભવ ખોના, સચિવ : હેતલ નિમીશ મૈશેરી, ઉર્વી દિનેશભાઈ શાહ, સહસચિવ : મયંક નરેશભાઈ નાગડા, કોષાધ્યક્ષ : પ્રણવ ધર્મેન્દ્રભાઈ ધરમશી સહાયક કોષાધ્યક્ષ : સલોની નવીનભાઈ મોતા, કાર્યકારિણી સભ્ય : દિશાંત હિતેશભાઈ નાગડા, અદિતી દીપ દંડ, રીના અંકિત નાગડા, નિખિલ અશોકભાઈ સોની, વિશેષ આમંત્રિત સભ્ય : મોના ધરમશી, નિમીશ ગીરીશભાઈ મૈશેરી, સુમિત લલિતભાઈ નાગડા, રૈભવ વસંતભાઈ ખોના.

યુવા ગ્રુપ દ્વારા વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક રમતગમતની પ્રવૃત્તિઓ ૧૫ વર્ષોથી યોજાય છે.

### શ્રી રચના મહિલા મંડળ



તા. ૬.૧.૨૪ના 'ડબ્બા પાર્ટી'નું મુલુંડ સાયપ્રસ ગાર્ડનમાં આયોજન કરવામાં આવેલું. કુલ ૪૦ મેમ્બર્સ હાજર હતા, સિનીયર સીટીઝનો પણ હોંશભેર ભાગ લઈ શકે, તેવી મ્યુઝીકલ તથા જુદી જુદી ગેમ્સ કમિટીના મેમ્બર્સોએ રમાડી. મેમ્બર્સોએ જુદા જુદા છ ગ્રુપમાં લિજ્જતદાર વ્યંજનો બનાવીને લાવેલા, તે એકબીજાને પ્રેમથી ખવડાવ્યા. ડબ્બા પાર્ટીનો પ્રોગ્રામ કુદરતના સાનિધ્યમાં સહુના ચહેરા પર આનંદ-ઉલ્લાસ સાથે સંપન્ન થયો.

### સાંધવ મહાજન આયોજીત હસ્તીનાપુર યાત્રા

કદઓ જૈન સાંધવ મહાજન દ્વારા હસ્તીનાપુર યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રા પ્રવાસ જાન્યુઆરી-૪, ૨૦૨૪ના રોજ શરૂ કરતાં મથુરાના કલ્પદ્રુમ પાર્શ્વનાથના દર્શન, તાજ મહેલની મુલાકાત લઈ હરિદ્વારમાં આદિનાથ ભગવાન, ગંગાસ્નાન, ઋષિકેશમાં શાંતિનાથ ભગવાન આદિના દર્શન લાભ લઈ હસ્તીનાપુર યાત્રા કરી.

### કદઓ મહિલા મંચ અમદાવાદની ડબ્બા પાર્ટી

કદઓ મહિલા મંચ દ્વારા પરિમલ ગાર્ડન ખાતે ડબ્બા પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાવન સભ્ય બહેનો હાજર રહી હતી.

### જખૌ મહાજનની ચૂંટણી

કદઓ જૈન મહાજન જખૌની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૧.૨.૨૦૨૪ના બપોરના ૩ કલાકે વીરજી જીવરાજ મેપાણી હોલ મુલુંડ વેસ્ટમાં યોજાઈ રહી છે. સાથે જ મહાજનની વ્યવસ્થાપક સમિતી અને ટ્રસ્ટ બોર્ડની તા. ૧.૪.૨૦૨૪ થી તા. ૩૧.૩.૨૦૨૯ મુદત માટેની ચૂંટણી યોજવાનો નિર્ણય લેવાયો છે.

### શ્રી પાર્શ્વ-શાંતિ પ્રાસાદ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ

રાપર ગઢવારી ખાતે નિર્મિત નૂતન જિનાલય શ્રી પાર્શ્વ-શાંતિ પ્રાસાદ પુનઃપ્રતિષ્ઠાનું મહાસુદ-૧, વિ.સં. ૨૦૮૦, તા. ૨૦ થી તા. ૨૫.૨.૨૪ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. સંપર્ક અંકિત વોરા-૯૯૩૦૫૨૯૯૯૦, મીત ફોફાણી.

### કેનેડા પેરેન્ટ્સ ગ્રુપ

કેનેડામાં રહેતા/ભણતા કચ્છી દશા-વિશા ઓસવાલ જૈન બાળકોના મુંબઈ સ્થિત વડીલોનું એક સ્નેહ મિલન તાજેતરમાં મુલુંડ ખાતે યોજાયું હતું જેમાં કેનેડા પ્રવાસ, જરૂરી નિયમો, વીમા વગેરે સહિત મહત્ત્વની બધી જ વિગતો બાબત ચર્ચા થઈ. સાથે જ કેનેડા ખાતે રહેતા/ભણતા કચ્છી ઓસવાલ બાળકોના ભારત સ્થિત વાલીઓને આ ગ્રુપમાં જોડાવાની અપીલ કરવામાં આવી છે.

### રૂા. ૬૫૦/-માં ડાયાલિસીસ

ચેમ્બુર લાયન્સ ક્લબના ચેરીટી ફન્ડ અને એપેક્સ કિડની સેન્ટરના સહયોગથી દાતાઓના દાન પ્રેરિત ચેમ્બુર ખાતે માત્ર રૂા. ૬૫૦/-માં દરદીનો ડાયાલિસીસ ઉપચાર કરાય છે. સંપર્ક ફોન : ૮૮૫૦૪૧૦૫૧૯.

### કોઠારા સ્થાને નમતા મૈશેરી પરિવારો

કોઠારા સ્થાને નમતા મૈશેરી કુટુંબના ચામુંડા માતાજીની પહેડી રવિવાર તા. ૧૪.૪.૨૦૨૪ના શ્રી મેવાડ કેસરી ભવન, ભાંડુપ ખાતે રાખવામાં આવેલ છે.

### સખીવૃંદ-પુના



તા. ૧૬ ડિસેમ્બરના હસમુખ, ચંચલ અવનીબેન દંડએ "Ek Shaam Filmo Ke Naam" વિષય પર યોજી હતી.

ચાંદની બેન લોડાયાએ નવેમ્બર મહિનાનો અહેવાલ રજૂ કર્યો. ''સ્વેગ સે કરેંગે સબકા સ્વાગત'' બોલીવુડ સ્ટાઈલમાં સર્વ સખીઓ એ રેપ વોક કરીને પોતાનો ફિલ્મી ગેટ અપ નો પરિચય આપ્યો. શ્રેષ્ઠ વિજેતા ટીમ કાંતાબેન ધરમશી, નલિનીબેન લાપસીયા, કોમલબેન ધરમશી અને ચાંદીનીબેન લોડાયા. શ્રેષ્ઠ અભિનેત્રી એવોર્ડ કીર્તિબેન નાગડા, કોમલબેન ધરમશી અને સોનલબેન લોડાયા. અંતમાં વૈશાલીબેને અવનીબેન દંડનો આભાર વ્યક્ત કર્યો.

### ગં સ્વ હીરાબેન નેણશી ખોના-નલિયા (અંધેરી ઈસ્ટ) નું દુઃખદ નિધન



સ્વ. હીરાબેન નેણશી ખોના (M.A.,B. Ed.) વર્ષો પહેલાં પાલાગલી, મુંબઈ ની સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલમાં ગણિત તથા સંસ્કૃતના શિક્ષક હતા. પ્રકાશ સમીક્ષામાં તેમના લેખો પણ પ્રકાશિત થયા છે. જુના જમાનામાં ૪૫- ૫૦ વરસ પહેલાં શ્રી ક દ ઓ વિદ્યાર્થી સંઘના વાર્ષિકોત્સવમાં સન્મુખાનંદ હોલ, સાયનમાં નાટકો ભજવાતાં એમાં સ્વ. હીરાબેન, એમના પતિ સ્વ. નેણશી દેવશી ખોના તથા એમનાં ભાઈ શ્રી સોમ ધરમશી જ અગત્યનાં પાત્ર ભજવતાં.

### લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય

લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કદઓ જૈન કન્યા છાત્રાલય, ઘાટકોપર મુંબઈમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપવા દાનની અપીલ કરવામાં આવી છે. આ માટે પ્રતિ વિદ્યાર્થીની રૂા. ૩૧૦૦૦/- પ્રતિ વર્ષ સ્પોન્સરશીપ માટે અપીલ કરવામાં આવી છે.

### દલતુંગી ધ્વજા

દલતુંગી દેરાસરની ૧૨૨ મી ધ્વજા વૈશાખ સુદ ૫ ને રવિવાર તા. ૧૨-૫-૨૦૨૪ ના ઉજવાશે.

વિધિકાર શ્રી કલ્પેશભાઈ શાહ, સંગીતકાર શ્રી વિક્રમભાઈ મહેતા સંગીત મંડળી સાથે પધારશે. ૧૮ અભિષેક તા. ૧૧/૫/૨૦૨૪ શનિવાર ૨.૦૦ કલાકે તથા સત્તરભેદી પુજા - ધ્વજા રોહણ તા. ૧૨/૫/૨૦૨૪ રવિવાર .

### કેડીઓ વેલફેર એસોસિએશન

એસોસિએશનની સામાજીક સુરક્ષા યોજના ૨+૧ ફ્રીની સ્કીમ તા. ૧૫.૨.૨૦૨૪ સુધી ઉપલબ્ધ છે.


8369141486 / 9819286056 9930644520
વલ્લભજીભાઈ
અમે જુના સોનાચાંદીના દાગીના ખરીદીએ છીએ
ઘટ કાપ્યા વિના immediate payment મળશે
We buy old Gold & Silver (Gold ₹ 63200 24 ct.)
A. J. Jewellers
દુકાન નંબર ૧, જયશ્રી સદન બિલ્ડીંગ,
ગોવર્ધન હવેલીની બાજુમાં, ઓલ્ડ નાગરદાસ જંક્શન,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૯.
Vallabhadas & Sons Jewellers
દુકાન નં. ૬, જવેરી બિલ્ડીંગ,
ડી. જે. રોડ, વિલેપાર્લે સ્ટેશનની બાજુમાં,
વિર્લેપાર્લે (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૫૬.


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

## વતનના વર્તમાન
### સંકલન : કેસરસિંહ ખોના

**‘હોમસ્ટે’ પ્રવાસન પ્રોત્સાહન યોજના**

રાજ્ય સરકારે પ્રવાસ ઉદ્યોગને ઉત્તેજન આપતી નીતિ જાહેર કરતા કચ્છમાં ‘હોમસ્ટે’નું ચલણ વધ્યું છે. મોટા ભાગે ધોરડો અને ધોળાવીરા આસપાસના વિસ્તારમાં હોમસ્ટે પ્રવૃત્તિને વેગ મળ્યો છે. અત્યારે ૫૦૦ થી વધુ હોમસ્ટે રહેઠાણ રજિસ્ટર થયા છે. ભુજ, માંડવી, મુંદ્રા જેવા નગરોમાં હોમસ્ટે માટે સારી શક્યતા જોવાય છે.

**ભદ્રેશ્વર તીર્થ જિનાલયમાં ગુરૂમંદિર પ્રતિષ્ઠા**

ભદ્રેશ્વર મહાતીર્થ પરિસરમાં પ.પૂ.આ.ભ. ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ના સંગેમરમર નિર્મિત ભવ્ય ગુરૂમંદિરની પ્રતિષ્ઠા પોષ વદ-૮, શુક્રવાર, તા. ૨.૨.૨૦૨૪ના રોજ નિર્ધારિત છે. સર્વે શ્રાવક શ્રાવિકાને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

**કચ્છમાં વધુ બે નવા બંદર**

તાજેતરમાં રાજ્ય સરકારે રાજ્યમાં ૧૦ નવા બંદર વિકસાવવાનો નિર્ણય કર્યો છે. તદ્નુસાર આગામી ૨૫ વર્ષમાં તૈયાર થનારા આ નવા ગ્રીનફિલ્ડ બંદરો પૈકી કચ્છમાં ૨ બંદર તૈયાર કરવામાં આવશે.

**મહિલાઓ માટે વિશેષ સવલત**

સરકારે કાયદો બનાવ્યો છે તે પ્રમાણે કોઈપણ મહિલા ભારતભરમાં કોઈ પણ હૉટેલના વૉશરૂમનો ઉપયોગ કરી શકે છે. કોઈપણ હૉટેલ વૉશરૂમનો ઉપયોગ કરવાની મહિલાને મનાઈ કરી શકશે નહીં. ભલે તે મહિલા એ હૉટેલની ગ્રાહક હોય કે નહીં.

**મંજલ રેલડિયા જિનાલય ધ્વજા મહોત્સવ**

મંજલ રેલડિયા સ્થિત આદિનાથ જિનાલયનો ૧૪૨મો ધ્વજા મહોત્સવ તા. ૧૭ અને ૧૮.૫.૨૪ના દિવસો દરમિયાન યોજવામાં આવશે. નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પૂર્વે કદાચ આ પ્રાચીન જિનાલયનો અંતિમ ધ્વજા મહોત્સવ હોઈ શકે. ધૃત ઉછામણી, અભિષેક આદિ નકરા માટે રવિવાર તા. ૨૮.૧.૨૪ના રોજ દેવપુંજ હોલ મુલુંડ વેસ્ટ ખાતે બપોરના ૩.૩૦ કલાકે વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

**જ્ઞાતિની સીએ બ્રિગેડમાં ઉમેરા**

જ્ઞાતિની સીએ બ્રિગેડમાં યુવા પ્રતિભાશાળીનો ઉમેરો થયો છે. બેંગલોર નિવાસી, નલિયાના સીએ વિનોદ શાહના ચિરંજીવી દેવાંશ મૈશેરી (શાહ) ફાઉન્ડેશન ૨૯મી રેન્ક સાથે પાસ કર્યા બાદ સરળ પ્રથમ પ્રયાસે ઈન્ટર અને ફાઈનલ પાસ કરી સીએ થયા છે.

**‘સત્કાર્ય’ અભિયાન**

કદઓ વિદ્યાર્થી સંઘ અને મા. ચંપાબેન હંસરાજ ડાઘા (વરાડિયા-માટુંગા) દ્વારા સહ પ્રાયોજિત ‘સત્કાર્ય’ અભિયાનમાં જોડાવા માટે હાકલ કરવામાં આવી છે. આ યોજન હેઠળ જરૂરિયાતમંદોને કપડા, રમકડા, વાસણ પુસ્તક આદિ વહેંચવામાં આવે છે. આ વખતે એકત્રિત વસ્તુઓ ૨૬ જાન્યુઆરીના રોજ વહેંચાશે.

**કોઠારા મહાજનના અતિથીગૃહનું રિનોવેશન**

કોઠારા તીર્થે આકાર લઈ રહેલા નૂતન અતિથીગૃહ રીનોવેટેડ ભોજન શાળા, પાંજરાપોળ અને નૂતન પશુચારા ગોડાઉનનું ઉદ્‌ઘાટન તા. ૧૯.૫.૨૪ના રોજ કરવામાં આવશે.

**ચંદ્રપ્રભસ્વામી ગોએરસમા જિનાલય**

ગોએરસમા જિનાલયમાં વિરાજમાન ચંદ્રપ્રભુસ્વામીની પુનઃપ્રતિષ્ઠાના ભાગરૂપે જાન્યુઆરી તા. ૧૬ થી ૧૮ ૨૦૨૪ના દિને ત્રિહાન્કિ મહોત્સવનું આયોજન છે. ગામવાસી અને નિયાણી બહેનોને પધારવા ગોએરસમા મહાજનનું સસ્નેહ આમંત્રણ.

**અબડાસા તાલુકા પંચાયતનું પુરાંતી બજેટ**

અબડાસા તાલુકા પંચાયતના પ્રમુખ મહાવીરસિંહજી જાડેજાએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂા. ૭૩૫૦.૧૭ લાખની આવક દર્શાવતું બજેટ રજુ કર્યું હતું. ખર્ચમાં રૂા. ૬૪૬૦.૬૨ લાખની રકમ બતાવાઈ છે. આમ બજેટમાં રૂા. ૨૭૯૦ લાખની પુરાંત બતાવાઈ છે.

**ભુજ કાયસ્થ જ્ઞાતિ સ્નેહ મિલન**

ભુજની કાયસ્થ જ્ઞાતિનું હાલમાં જ સ્નેહમિલન યોજાઈ


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on


એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન

ગયું. મનોરંજન અને ધાર્મિક કાર્યક્રમમાં જ્ઞાતિની એકતા મજબુત કરવા જ્ઞાતિના પ્રમુખ અભિલાષા મહેતાએ હાકલ કરી હતી.

### ભૂડિયા પરિવારનું ૫૦૦ કરોડનું દાન

કેશવલાલ પ્રેમજી ભૂડિયા પરિવાર દ્વારા એક વર્ષમાં રૂા. ૫૦૦ કરોડનું દાન આપવામાં આવ્યું છે. મૂળ કોટડીના મોમ્બાસા નિવાસી પ્રેમજી જેઠાભાઈ પરિવાર દ્વારા કચ્છી લેવા પટેલ નુતન શૈક્ષણિક વિદ્યા સંકુલ, કન્યા રતન ધામ તથા સુરજ શિક્ષણ ધામ પરિસરમાં નિર્મિત વિવિધ ભવનોનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે સમાજ રત્ન હસમખભાઈ ભૂડિયાએ સમાજના સંગઠન, સંપ અને સત્સંગની ભાવના મજબુત બનાવવાની શીખ આપી હતી.

દરમિયાન, કચ્છી લેવા પટેલ મેડીકલ અને એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ગોરસિયાએ નવનિર્મિત સંકુલની વિગતો આપતા જણાવ્યું હતું કે આગામી આયોજનમાં એથલેટીક્સ માટે મેદાન, ઓડિટોરીયમનો સમાવેશ કરવાની જાહેરાત કરી હતી.

### પચ્છમની ઓળખ એવા ઊંટોની ઘટતી સંખ્યા

કાળા અને ગોરા ડુંગરોના પરિસરમાં ઊંટોની સંખ્યા સતત ઘટી રહી છે. ઊંટ પાલકો મુજબ પચ્છમના ઊંટ સારી ગુણવત્તા ઉપરાંત કદ અને સુંદરતામાં અન્ય જાતો કરતાં ચઢિયાતા હોય છે. અહીં ઉત્પન્ન થતી વનસ્પતિ ઊંટો માટે શ્રેષ્ઠ ખોરાક ગણાય છે. અનુમાન છે કે ૨૦૨૦માં ઊંટ સંખ્યા ૫૦૦ જેવી હતી જે ઘટીને હવે ૨૭૦-૨૮૦ની આસપાસ રહી ગઈ છે.

### કંડલામાં ગ્રીન અમોનિયા પ્લાંટ

કેન્દ્રીય શિપીંગ મંત્રાલયના નેજા હેઠળ યોજાયેલી હાલની એક મીટીંગમાં ગ્લોબલ મેરીટાઈમ સમિટમાં દીનદયાલ પોર્ટ (કંડલા બંદર) પરિસરમાં જેક્સન ગ્રીન અને કંડલા બંદરમા ૧.૩૩ લાખ ટન ગ્રીન અમોનિયા ઉત્પાદન માટે રૂા. ૨૪૦૦ કરોડનું રોકાણ કરશે. સદર પ્લાંટ કંડલા પોર્ટની ભાગીદારીમાં સ્થપાશે.

### શ્યામ તન્ના બન્યા એરોસ્પેસ એંજીનિયર

માધાપર, તા. ભુજના શ્યામભાઈ પ્રદીપ તન્નાએ યુકેની બ્રુનેલ યુનિવર્સિટી લંડનથી માસ્ટર ઑફ એરોસ્પેસ એંજીનિયરીંગની પદવી (ડિગ્રી) હાંસલ કરી છે.

### પાટણવાળી ઘેટા

કચ્છની જાણીતી ૯ પશુવંશોમાં પાટણવાળી ઘેટાની નસલને લખપતના સાંયરા ગામના ગાભુજી વાગજી જાડેજાની ત્રીજી પેઢીથી ઘેટાની શુદ્ધ નસલનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવી રહ્યું છે. આ માટે વર્ષ ૨૦૨૩નો રાષ્ટ્રીય પશુ આનુવાંશિક સંશોધન બ્યુરો કરનાલ હરિયાણા દ્વારા તૃતીય એવોર્ડ એનાયત કરાયો છે. કચ્છમાં પાટણવાળી ઘેટાની જાત ૭૦ જેટલા માલધારીઓ પાસે છે. આ ઘેટાની અંદાજિત કુલ સંખ્યા ૩૦૦૦ જેટલી મનાય છે.

### કચ્છના સિંધી સાહિત્યકાર મુતવાની સિદ્ધિ

સિંધી કિતાબઘરની સાઈટ સિંધ સલામત.કૉમ પર ઉપલબ્ધ ઈ-લાયબ્રેરીમાં બન્નીના સિંધી લેખક કલાધર મુતવાના પુસ્તકો સહુથી વધુ વંચાય છે.

મુતવાજીના લોકસાહિત્ય આધારિત 'ગુઝારતું' કચ્છની સંસ્કૃતિને લગતા પુસ્તક 'કચ્છ મેં સિંધિયત' વગેરે અનેક પુસ્તકો સહુથી વધુ વંચાય છે. વેબસાઈટ પર અંદાજે ૨૩૪૫ પુસ્તકો ઉપલબ્ધ છે.

### હેમરાજ શાહનું સન્માન

ગુજરાતી સમાજના ૩૯મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે જન્મભૂમીના મુખ્ય તંત્રી કુંદનભાઈ વ્યાસના હસ્તે સંસ્થાપક હેમરાજભાઈ શાહનું બહુમાન કર્યું હતું. સાથે જ સમાજના મહામંત્રી રાજેશભાઈ દોશી, ખજાનચી લખમશીભાઈ શાહ તથા લોકપ્રિય અભિનેતા સનતભાઈ વ્યાસનું સન્માન કર્યું.

### ડુમેરા નવગ્રહ દેરાસર-હૈદરાબાદ

હૈદરાબાદની પાસે ડુમેરામાં નવગ્રહ દેરાસરનો ધ્વજારોહણ સમારોહ તા. ૨૧.૨.૨૦૨૪ના રોજ યોજવામાં આવશે. સદર દેરાસરનું સંચાલન-વહીવટ કેડીઓ ટ્રસ્ટ હસ્તક છે.

### કમર કચ્છીની વિદાય

કચ્છના મોભી ગઝલકાર 'કમરકચ્છી' હાજી હુસૈન ઈસ્માઈલ ખત્રીનું ૮૧ વર્ષની વયે નિધન થતાં ગઝલ કાવ્ય સાહિત્યને મોટી ખોટ પડે છે. એમની ગઝલ 'તલબગાટ વેંતા સે તણીને અચેંતા' ખૂબ લોકપ્રિય થઈ હતી અને દરેક મુશાયરામાં કેન્દ્રમાં રહેતી.

### પાંચસો પરિવારોને ધાબળા

સ્વ. ચેતન મહેતાની યાદગિરીમાં સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવકલ્યાણ કેન્દ્રના ઉપક્રમે જેઠાલાલ ચુનીલાલ મહેતાની સ્મૃતિમાં શ્રમજીવીઓ અને જરૂરતમંદોને ૫૦૦ ગરમ ધાબળા તથા અન્ય વસ્તુઓ વિતરિત કરાઈ હતી.

# જીવન ચક્ર

## જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૧.૨૦૨૩ | મુલુંડ | યશ, મેઘા-કરણ ગીરીશ મૈશેરી | લાલા | પુત્ર |
| ૦૬.૧૨.૨૦૨૩ | ચેંબુર | પર્વ, પૂજા-વિનીત ખીરણ લોડાયા | કોઠારા | પુત્ર |
| ૦૬.૦૧.૨૦૨૪ | ભાંડુપ | રીવા, જિનલ-ઋષભ ધીરેન મૈશેરી | સાંધાણ(પીપરમીંટવાલા) | પુત્રી |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૨૦૨૪ | ભાંડુપ | વિરલ કિરણ ઠાકરશી મોતા | રાપર ગઢવારી | ૩૦ |
| | ઘાટકોપર | કીના પ્રવીણ ભીમજી કટેશીયા | જામનગર | ૩૧ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૧૨.૨૦૨૩ | ડોંબિવલી | કૃણાલ શરદ હંસરાજ ધરમશી | જખૌ | ૨૮ |
| | ડોંબિવલી | કુંજલ પ્રિયકાંત માણેકજી દંડ | સાંધવ | ૨૬ |
| ૦૮.૧૨.૨૦૨૩ | નાશિક | મોનિષ દલેશ મૈશેરી | નાની સિંધોડી | ૩૦ |
| | વડાલા | સેજલ જવેરચંદ લોડાયા | લાલા | -- |

### આંતરજ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ---- | લંડન(ઈંગ્લેંડ) | રિતેશ લલિત વાલજી શાહ (મોતા) | સુથરી (નાશિક) | ૪૧ |
| | લંડન (ઈંગ્લેંડ) | જિયોવાના માઉરો કિયારી | પારમા (ઈટલી) | ૩૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૧.૨૦૨૪ | હુબલી | કાંતાબાઈ ખેતશી મુનવર | જખૌ | ૯૨ |
| ૦૧.૦૧.૨૦૨૪ | ભાંડુપ | ધીરેશ ઉત્તમચંદ મુનવર | જખૌ | ૫૭ |
| ૦૨.૦૧.૨૦૨૪ | ભાંડુપ | રમેશ વિસનજી લોડાયા | બાંઢીયા | ૬૫ |
| ૦૨.૦૧.૨૦૨૪ | કાંજુરમાર્ગ | મહેન્દ્ર ભવાનજી ખોના | જખૌ | ૭૯ |
| ૦૩.૦૧.૨૦૨૪ | મુલુંડ | ગુણવંતી માણેકજી મોમાયા | નલિયા | ૯૩ |
| ૦૬.૦૧.૨૦૨૪ | અમદાવાદ | વનિતાબેન રાયચંદ નાગડા | જખૌ | ૭૮ |
| ૦૬.૦૧.૨૦૨૪ | મુલુંડ | રીનાબેન (રશ્મી) વિરેન્દ્ર લોડાયા | તેરા | ૬૧ |
| ૦૭.૦૧.૨૦૨૪ | ડોંબિવલી | શીવજી કુંવરજી મુનવર(જીવાણી) | જખૌ | ૮૭ |
| ૦૮.૦૧.૨૦૨૪ | ઔરંગાબાદ | લીલાવંતી અરવિંદ નાગડા | રંગપુર | ૭૩ |
| ૦૮.૦૧.૨૦૨૪ | અમરાવતી | તરલાબેન હસમુખ ગંગર | સીંધોડી મોટી | ૫૧ |
| | | (કમલાબેન ખીમજી લોડાયા-મોટી સિંધોડીના પુત્રી) | | |
| ૦૮.૦૧.૨૦૨૪ | અમદાવાદ | મીનાબેન ભરત લોડાયા (પીર) | સુથરી | ૬૪ |
| ૧૦.૦૧.૨૦૨૪ | ડોંબિવલી | પ્રફુલ ખિયરાજ ખોના | સાંધવ | ૬૧ |
| ૧૦.૦૧.૨૦૨૪ | મુલુંડ | લખમશી હંસરાજ મોતા | કોઠારા | ૮૮ |
| ૧૧.૦૧.૨૦૨૪ | છત્તીસગઢ | શરદ નાગશી મોમાયા | ડુમરા | ૭૭ |
| ૧૧.૦૧.૨૦૨૪ | ભાંડુપ | વીરચંદ જેઠાભાઈ લોડાયા | કોઠારા | ૮૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૦૧.૨૦૨૪ | હાલોલ | દિનેશ લાલજી મુનવર (જીવાણી) | જખૌ | ૬૦ |
| ૧૪.૦૧.૨૦૨૪ | ગોવંડી | ફૂલચંદ કાનજી વિકમશી | પરજાઉ | ૯૨ |
| ૧૪.૦૧.૨૦૨૪ | ઘાટકોપર | ધનલક્ષ્મી હિરાચંદ દંડ | લાલા | ૭૬ |
| ૧૪.૦૧.૨૦૨૪ | ઈંદોર | ઉદીત તિલેન્દ્ર લોડાયા | નલિયા | ૨૩ |
| ૧૫.૦૧.૨૦૨૪ | પવઈ | હિરાબેન નેણશી ખોના | નલિયા | ૮૫ |
| ૧૫.૦૧.૨૦૨૪ | પૂના | મિતેન દામજી હિરજી નાગડા | નલિયા | ૬૭ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Govindji Harpar Dharamshi (PS-1451)**
204, Ace Avenue, Valji Ladha Road,
Mulund (West), MH - 400 080.
M. : 98696 59855.

**Shri Atul Gulabchand Sonawala(Nagda) (PS-7453)**
A-1103, Purva Sunflower Apt.,
236/4, Magadi Road,
Nr. Magadi Road Metro Station,
Bangalore, KR - 560 023.
M. : 98441 22991.

**Shri Somchand Kunverji Mota (PS-2981)**
A-12, 703 Shankeshwar Nagar,
Manpada Road, Near D-Mart,
Dombivli (East), MH - 421 204.
M. : 98208 21908.

**Shri Umarshi Meghji Dharamshi (PS-3406)**
4, Drapadi Niwas, Gr Floor,
Near Chetan Super Market, Kopar Road,
Dombivli (West), MH - 421 202.
M. : 92246 59575.

**Shri Dhiren Shantilal Nagda (PS-6969)**
A-301, Ganraj Heights, 3rd Floor,
Mothagaon,
Dombivali (West), MH - 421 202.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## આદિપુર અંતરજાળનાં મહાવીરનગર મધ્યે શ્રી વિમલનાથ ગૃહ જિનાલયની ૧૧મી વર્ષગાંઠની ઉજવણી

શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર દ્વારા પૂજ્ય મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મહારાજ સાહેબ, પૂજ્ય સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મહારાજ સાહેબ, પૂજ્ય સાધ્વી શ્રી પુનિતગુણાશ્રીજી મહારાજ સાહેબ આદિઠાણાની શુભપાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ધાર્મિક આરાધના કરાઈ હતી.

જિનાલયની ૧૧ મી ધ્વજા રોહણ પ્રસંગે સતરભેદી પૂજા યોજાઈ હતી. ત્યાર બાદ શ્રી વિમલનાથ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજા રોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિવિધાન શ્રી રાજાભાઈ નંદુએ જયારે સંગીતની રમઝટ નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ જમાવેલ. અલ્પા મિહિર દયાણીએ ચામર નૃત્યની રમઝટ જમાવેલ.



સમગ્ર વ્યવસ્થા શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર તથા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામ, મહેશ લાલકા, લહેરચંદ ખોના, હરીશ ચુરલા, કેતન મોમાયા, મિહિર દયાણી, મહાવીર નગર મહિલા મંડળ તથા સર્વે કાર્યકર ભાઈ–બહેનોએ સંભાળી હતી.

# Tatva-Our Basic Reality

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



In the previous article, we sang the glory of our Tirthankars by revereing them as 'Logassa Ujjoyagare' (the ones to illuminate the universe with their divine light). The question is, “what is the universe made of according to Jain philosophy”?

Well, according to the Jain view , universe is made up of only two components or fundamental realities or Tatvas: Jeev (the living )and Ajeev (nonliving). These are further subdivided to make them a total of nine.

The word 'Tatva' in Jainism is derived from the term 'Tattva,' where 'Tatt' means 'that' or 'truth,' and 'va' denotes 'ness' or 'ness of.' So, in the context of Jain philosophy, 'Tatva' represents the fundamental truths or realities that constitute the fabric of the universe.

As we noted above, there are totally nine 'tatvas'. These are :

Jeev (soul), Ajeev (non-living matter), Aasrav (influx of karmic matter), Bandh (bondage of karmic matter), Samvar (cessation of new karma), Nirjaraa (shedding or removal of existing karma), Moksh (liberation from the cycle of birth and death), Punya (merit), and Paap (demerit). These Tatvas collectively describe the cosmic reality according to Jain philosophy.

The knowledge of 'Tatva' in Jainism is essential for a spiritual seeker because it provides a profound understanding of the fundamental principles governing existence. By grasping the intricacies of these nine principles, a seeker can navigate the path to spiritual enlightenment more effectively.

Understanding 'Tatva' enables a spiritual seeker to recognize the nature of the soul (Jeev), the impact of influx of karma (Asrav), and the path towards liberation (Mokshmaarg). It serves as a comprehensive framework for self-realization and guides individuals in cultivating virtues, shedding karmic bondage, and ultimately attaining spiritual liberation. In essence, the knowledge of 'Tatva' is a roadmap for the spiritual journey, offering clarity on the nature of reality and the steps towards transcending it.

In a modern context, we can think of the concept of 'Tatva' in Jainism as a guide to understanding life's essence and navigating the complexities of existence.

**Jeev (Soul):** Just as a smartphone is an OS (operating system) or a software encased in an instrument (the hardware), the Jeev is the life force that animates our bodies. It's the "operator" behind the conscious experience.

**Ajeev (Non-Living Matter):**In the same smartphone —ajeev is like the case, the ports, the battery cells and all, the non-living elements that make up the entire gadget. Similarly, all matter around us, from rocks to the air we breathe, is 'ajeev'.

**Aasrav (Influx of Karmic Matter):** Social media interactions and daily choices are like streams of data affecting our digital footprint. Asrava is the constant flow of karmic dust as a consequence of our actions.

**Bandh (Bondage of Karmic Matter):** Picture a cluttered inbox—bandha is the accumulation of karmic baggage hindering the smooth functioning of our spiritual life.

**Samvar (Inhibition of Karmic influx to avoid new bondage):** Applying filters to our online content is like samvar, stopping the influx of new karmic data by consciously choosing what we allow into our lives.

**Nirjaraa (Shedding Existing Karma):** Deleting unnecessary files or clearing caches is akin to nirjara, actively shedding the accumulated karmic load to optimize your digital well-being.

*continue...pg 30*

Over View

# HAPPINESS REDEFINED

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



On 1.1.24 all of you would have received numerous messages and phones wishing you a HAPPY NEW YEAR. But where to get this HAPPINESS and if possible with a warranty of few years. There is no Mall or a corner shop where HAPPINESS is sold. Since Centuries Man has searched it in material possessions, relationships, wealth, power, beauty and so on. But in vain. Succeeded temporarily. Before we have glimpses of HAPPINESS it deserts us. We are back to square one with unhappiness.

About 5 years back I attended one lecture where the audience was about 250 persons and none of them I knew. The lecturer started his address with a sentence that this human life is full of miseries and unhappiness. In the next 'Janm' if you want a better, happy and prosperous life, then lead a life in a particular way only. A very big enticement.

Then he asked the audience that who is HAPPY among you please raise your hands. Total silence. Only one person raised his hand. It was me. Everyone stared at me as if I was a creature from a zoo or a terrestial world. I wanted to give an answer in support of my reply in 5 minutes. However, the speaker changed the subject and continued.

Happiness is not something ready-made. It has nothing to do with time period, stars and so on. It comes from your own attitude and actions.

Volumes of books have been written, lectures have been delivered on this one word. Many are contradictory. Unfortunately everyone strongly believes that his way is the highway and others are wrong.

Happiness can be seen as a subjective and multifaceted emotional state characterized by contentment, joy, and a sense of fulfillment derived from various aspects of life, personal experiences, and meaningful connections. Unhappiness can stem from various factors such as mindset, external circumstances, or relationships.

Indeed, happiness and unhappiness are often intertwined, like two sides of the same coin. When we search for happiness, it, often turns out to be the address of unhappiness. If we want 4/5 grams of pure Gold we will get a ton of earth also.

Happiness is not a destination that you need to reach. You cannot define happiness. One has to learn to be happy in any given situation. After studies, I will get married, earn money, buy a house, a car and then I will be happy in life. Oh no! It does not happen that way. Only in fairy tales do people always live happily ever after.

So you have to evaluate and redefine your understanding of your own concept of Happiness. You just can not have Happiness alone. You should happily be prepared to be unhappy also simultaneously and develop an attitude of equanimity for both.

We have made our life a waiting game. All of us are waiting all the time for something or other to happen to be happy. Interim period is of unhappiness. Frustration and stress build up when what we are waiting for does not come or comes slowly and may not come or happen at all. So more unhappiness. As happiness is a state of mind that state has to be created and nurtured through out. Then waiting business will disappear and you will be happy all the time.

Happiness is around us 24/7. Everything has a positive side. Choice is yours as to what

to pick up. Failure can be converted into a turning point. So give happiness a Chance.

For abuntant HAPPINESS

Two things are not possible:

1. To make everybody happy.

2. For everybody to be happy with you.

One thing is definitely Possible:

Be happy with

yourself and Radiate happiness.The key to your happiness can never be given to somebody else.

Ten simple practices for happiness:

1 ACCEPT what is, is. What is not, is not.

2. Learn to laugh at yourself. see the lighter side.

3. Happiness and unhappiness are two sides of the same coin. Both will come together. So be happy not because everything is good, but because you can see the good in everything.

4. Less expectations, more happiness.

5. Comparisons kill happiness.

6. Keep a smile. Cause a smile.

7. Put enthusiasm into everything.

8. Give more than you receive.

9. Count your blessings and practice gratitude.

10 For spiritual and lasting Happiness just progress without any goal setting. Be just a witness, without any judgements of happy or unhappiness. Choiceless awareness.

Human life is the biggest show on earth. Language of Life is 'I Can'. You can make your show a block- buster. You can be HAPPY all through and that depends on YOU and YOU only.

Wish you all happiness, unless you have other plans.

---

Life Power

# Palliative Care

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**

Pehechaan - A Mission To Help Identify Yourself.



Palliative care is specialized medical care for people living with a serious illness, such as cancer or heart failure. Patients in palliative care may receive medical care for their symptoms, or palliative care, along with treatment intended to cure their serious illness.

In our country only less than 5 % of the population receive Palliative Care. Until recently not many doctors and medical practitioners were aware of palliative care. Now it's made mandatory for all pursuing medicine to understand Palliative Care.

**The Origin of Palliative Care.**

Palliate comes from pallium, the Latin word for 'cloak'. To palliate is to cloak, or cover up, the symptoms of an illness without curing it. This meaning grew into the idea of alleviating or reducing suffering.

The field of palliative care grew out of the hospice movement, which is commonly associated with DAME CICELY SAUNDERS, who founded St. Christopher's Hospice for the terminally ill in 1967, and ELISABETH KUBLER-ROSS who published her seminal work "On Death and Dying" in 1969.

Palliative care got its start as hospice care, often delivered by caregivers at religious institutions. Dame Cicely Saunders, a British physician, founded the first formal hospice specifically to care for patients with terminal illnesses. Her success in improving her patients' quality of life led her to introduce the concept of hospice care to other physicians, who quickly recognized the value in respecting people's wishes and needs at the end of life. Caregivers began to understand that these values could apply to patients without terminal illnesses as well.

End of life care is care given during the last few weeks of life. Palliative care can be helpful

at any stage of an illness. Some people receive palliative care for years. Accepting palliative care does not mean you are giving up hope.

Many people die in facilities such as hospitals or nursing homes receiving care that is not consistent with their wishes. It’s important for older adults to plan ahead and let their caregivers, doctors, or family members know your end-of-life preferences in advance. For example, if an older person wants to die at home, receiving end-of-life care for pain and other symptoms, and makes this known to health care providers and family, it is less likely he or she will die in a hospital receiving unwanted treatments.

If the person is no longer able to make health care decisions for themselves, a caregiver or family member may have to make those decisions. Caregivers have several factors to consider when choosing end-of-life care, including the older person's desire to pursue life-extending treatments, how long he or she has left to live, and the preferred setting for care.

Palliative care is a resource for anyone living with a serious illness, such as heart failure, chronic obstructive pulmonary disease, cancer, dementia, Parkinson's disease, and many others.

Palliative care can be helpful at any stage of illness and is best provided soon after a person is diagnosed.

In addition to improving quality of life and helping with symptoms, palliative care can help patients understand their choices for medical treatment. The organized services available through palliative care may be helpful to any older person having a lot of general discomfort and disability very late in life.

**Who makes up the palliative care team?**

A palliative care team is made up of multiple different professionals that work with the patient,

family, and the patient's other doctors to provide medical, social, emotional, and practical support. The team is comprised of palliative care specialist doctors and nurses, and includes others such as social workers, nutritionists, and counsellors. A person's team may vary based on their needs and level of care. To begin palliative care, a person's health care provider may refer him or her to a palliative care specialist. If he or she doesn't suggest it, the person can ask a health care provider for a referral.

In palliative care, a person does not have to give up treatment that might cure a serious illness. Palliative care can be provided along with curative treatment and may begin at the time of diagnosis. Over time, if the doctor or the palliative care team believes ongoing treatment is no longer helping, there are two possibilities. One is Hospice care, where the patient may not live more than 6 months Or, the palliative care team could continue to help with increasing emphasis on comfort care.

"PALLIATIVE CARE IS A REMINDER THAT EVERY LIFE HAS A VALUE AND THAT WE HAVE A RESPONSIBILITY TO ENSURE THAT EVERY INDIVIDUAL 'S END OF LIFE JOURNEY IS FILLED WITH COMFORT AND SUPPORT."

## *Being Jain from pg 27*

**Moksh (Liberation):** Achieving a state of being "offline" or digital detox is like moksh—it's the liberation from the constant cycle of digital interactions, a state of freedom.The difference is, that digital detox is temporary while moksh, once attained, is eternal.

**Punya (Merit):** Acts of kindness and positive contributions in the digital space are like earning punya, accumulating positive merit in your online presence.

**Paap (Demerit):** Engaging in harmful online behaviors or negative actions is akin to paap , accumulating demerit or negative consequences.

In this way, the Tatvas offer a lens to understand the interconnectedness of our actions in the digital age, guiding us toward a more mindful and purposeful existence.More later.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ      શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ      શ્રી શાંતિનાથાય નમઃ

# શ્રી ગોડિયા પાર્શ્વનાથજી નૂતન જિનાલય ‘શ્રી પાર્શ્વ-શાંતિ પ્રાસાદ’ પ્રતિષ્ઠા મહોત્સવ

## રાપર ગઢવાળી

### તા. ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ – વિ.સ. ૨૦૮૦

પરમાત્મા તથા મહાત્માઓની દિવ્ય કૃપા અને દિવ્યાશિષથી અને પ્રવર્તમાન ગચ્છાધિપતિ એવમ્ આચાર્ય ભગવંતો તથા સાધુ - સાધ્વી નિશ્રાસહ શ્રી ગોંદિયાજી પાર્શ્વનાથ નૂતન જિનાલય ‘‘શ્રી પાર્શ્વ-શાંતિ પ્રાસાદ’’નો પ્રતિષ્ઠા મહોત્સવ રાપર ગઢવાળી મુકામે વિ. સં. ૨૦૮૦, તા. ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના નિર્ધારિલ છે. ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાથી ૨૬ કિ.મી. અને અરબી સમુદ્રના કાંઠાથી ફક્ત ૩ કિ.મી. દૂર આવેલું ગામ એટલે રાપર ગઢવાળી.

### -: અતીતના આયનામાં રાપર ગઢવાળીનો ઉજળો ઈતિહાસ :-

- ધર્મથી ધબકતી આ ધરતી પર વિ.સ. ૧૯૫૦ પોષ વદ પાંચમ, શુક્રવાર, તા. ૨૯.૧.૧૮૯૫ના માતુશ્રી લીલબાઈ ચાંપશી હીરજી મૈશેરી તથા તેમના પુત્ર શ્રી ભવાનજી ચાંપશીએ શ્રી ગોંદિયાજી પાર્શ્વનાથ પ્રભુજીનું જીનાલય નિર્માણ કરી ૨૧ ઈંચના પ્રતિમાજી બિરાજમાન કર્યા. અહીં પાસાણના છ, ધાતુના ૩, તથા ચાંદીના પાંચ પ્રતિમાજી પણ શોભી રહ્યાં છે.
- વિ. સં. ૧૯૮૮ વૈશાખ સુદ ૧૩, બુધવાર, તા. ૧૮.૬.૧૯૩૨ના શ્રી ગોવિંદજી લખમશી માડણ લોડાયા સુથરીવાલાએ પણ પ્રભુ ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી છે. રાપર ગઢવારીના શ્રી ટોકરશી માણેકે દેરી બંધાવી પ્રભુ મહાવીર સ્વામીની પ્રતિમા પધરાવી છે.
- કાળક્રમે વિ. સ. ૨૦૫૪માં તમામ પ્રતિમાજીઓનું ઉત્થાપન કરી જીનલાયનું સમારકામ કરવામાં આવ્યું હતું. વિ. સં. ૨૦૫૪ જેઠ સુદ ૧૦, તા. ૪.૬.૧૯૯૮ના વિધિવત્ત પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.
- નાની નૂતન પંચતિર્થીમાં આ ગામનો સમાવેશ થતા યાત્રિકોનું આવાગમન પણ સતત વધતું રહ્યું છે. અહીં અતિથિગૃહ, સેનેટોરીયમ, મહાજનવાડી, જ્ઞાનશાળા, ભોજનશાળા આદિ પણ વિદ્યમાન છે. મહાજનવાડી, ભોજનશાળા એવમ્ અતિથીગૃહમાં જમાનાનુસાર ફેરફાર કરાઈ રહ્યાં છે. ગામમાં અદ્યતન ગૌશાળા ગૌ સંવર્ધનનું કાર્ય કરે છે. એક કિ.મી. દૂર પિંગલેશ્વર મહાદેવનું પ્રાચિન દેવાલય છે. જેને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાનું જાહેર થયું છે.
- જેસલમેરી હેમવર્ણી સંગેમરમરથી નવનિર્મિત આ જિન પ્રાસાદના પ્રતિષ્ઠા મહોત્સવમાં યોજાનાર કાર્યક્રમોના સ્પંદન અને સંસ્મરણો માણવા પધારી, આપણને મળેલ જૈન કુળના અસ્તિત્વને યાદગાર બનાવી સહભાગી થવા સૌને હાર્દિક આમંત્રણ છે.

-: નિમંત્રક :-

**શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ**

**શ્રી રાપર ગઢવાળી-નાની સિંધોડી જૈન સંઘ**

**શ્રી ગોંડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતી વતી**

-: લાભાર્થી પરિવાર :-

**માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ

# શ્રી ગોડિયા પાર્શ્વનાથજી નૂતન જિનાલય 'શ્રી પાર્શ્વ-શાંતિ પ્રાસાદ' પ્રતિષ્ઠા મહોત્સવ

## રાપર ગઢવાળી – તા. ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ – વિ.સ. ૨૦૮૦

### -: આમંત્રણ પત્રિકાલેખન અને કંકુ છાંટણાં :-



તા. ૧૩.૦૧.૨૦૨૪, શનિવાર સવારના શુભ મુહુર્તમાં સ્વદ્રવ્યથી નિર્મિત, 'પાર્શ્વશાંતિ પ્રાસાદ'-રાપરગઢવાળી તીર્થના પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પત્રિકાલેખન પ્રસંગ ગૃહ જિનાલય મંડન શ્રી શાંતિનાથ ભગવાનના સાનિધ્યે તથા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા અને પ.પૂ. આચાર્ય વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર, એમના મુંબઈ નિવાસસ્થાને ગામવાસીઓ તથા શ્રેષ્ઠીવર્યોની બહોળી ઉપસ્થિતિમાં શાસ્ત્રીય રીતે કંકુ-છાંટણા વધારીને રંગે-ચંગે સંગીતના સથવારે ઉજવાયો તેની આછેરી ઝલક...



પ્રેષક :- શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ,
શ્રી રાપર ગઢવાળી-નાની સિંધોડી જૈન સંઘ, શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતી વતી
લાભાર્થી પરિવાર :- માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**